# JCCI BULLETIN

4th Edition 2025-26









## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(ફોર્મરલી નોન એઝ ધી નવાનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)

ધીરૂભાઇ અંબાણી વાણિજ્ય ભવન

સુભાષ બ્રીજ પાસે, જામનગર - રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.

ફોન : ૦૨૮૮-૨૫૫૭૦૨૨૧ ૯૪૨૮૭ ૨૭૬૨૩, ૭૦૧૬૩ ૬૮૭૮૧

email : info@jamnagarchamber.org web. : www.jamnagarchamber.org

BATHANI
BUILDERS
ISO 9001 - 2015 COMPANY

VISION
ONE

એવું **જબરદસ્ત લોકેશન** જે
દરેક બિઝનેસમેન ને ગમશે. **નક્કી બિઝનેસ જામશે.**




CONTACT: **+91 81416 76777 / +91 99255 02222**

**JAMNAGAR'S PRIME SPOT**: A RISING ICONIC HUB FOR RETAIL AND OFFICE.

SITE ADDRESS: **OLD INCOME TAX BUILDING, P.N. MARG, JAMNAGAR-361008**

RERA REG NO: **PR/GJ/JAMNAGAR/JAMNAGAR/jamnagar Municipal CorporationCAA16215/151225/311228**

www.**bathanibuilders**.com

ESTD. : 22-5-1933

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન**

સુભાષ બ્રીજ પાસે, જામનગર-રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.

**''નવા વિચારોને સ્વીકારો, નવા અવસરોને પકડો-**
**વિકાસનો માર્ગ હંમેશા આગળ જ હોય છે.''**

**ચેમ્બરના હોદ્દેદારશ્રીઓ**
**સને ૨૦૨૫-૨૭**

**પ્રમુખ**
**રમણીક પી. અકબરી**
મો. : ૯૮૯૮૦ ૯૭૧૫૩

**ઉપપ્રમુખ**
**અજેશ વી. પટેલ**
મો. : ૯૮૨૫૨ ૧૧૮૪૦

**માનદ્ મંત્રી**
**કૃણાલ વી. શેઠ**
મો. : ૯૮૨૫૦ ૫૦૮૦૯

**માનદ્ સહમંત્રી**
**CA. ભાવિક એચ. ધોળકીયા**
મો. : ૯૮૨૫૯ ૬૧૯૬૨

**માનદ્ ખજાનચી**
**તુષાર રામાણી**
મો. : ૯૯૯૮૪ 30303

**માનદ્ ઓડીટર**
**મીતેષ એ. લાલ**
મો. : ૯૪૨૭૨ 33333

**માનદ્ સંપાદક**
**કેયુર સી. ખટ્ટર**
મો. : ૭૮૭૮૭ ૮૭૮૧૯

તંત્રી સ્થાનેથી...

પ્રિય સભ્ય મિત્રો,

ચેમ્બર બુલેટિનના આ ચોથા અંક (નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૫) માં આપ સૌનું હાર્દિક સ્વાગત! મિત્રો, જ્યારે આ અંક આપના હાથમાં આવશે ત્યારે ૨૦૨૬ નવું વર્ષ શરૂ થઇ ચૂક્યું હશે. આ નવા વર્ષમાં આપના વ્યવસાયમાં અવિરત વૃદ્ધિ, જીવનમાં સુખ-સમૃદ્ધિ અને આરોગ્યમાં ઉત્તમ સફળતા મળે તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

ગત નવેમ્બર માસે આપણા જામનગર શહેર માટે ગૌરવનો ક્ષણ આવ્યો, જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે નવ નિર્મિત ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ થયું. આ સાથે અનેક વિકાસ કાર્યોનું ઉદ્‌ઘાટન પણ થયું, જે આપણા શહેરને નવી ઊંચાઇઓ તરફ લઇ જશે.

આ ઉપરાંત, આપણા જામનગરના માનનીય ધારાસભ્ય **શ્રીમતિ રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા** ને **રાજ્ય કક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ, ખાતાના શિક્ષણ મંત્રીશ્રી** તરીકે સ્થાન મળ્યું છે. આ માત્ર જામનગર માટે જ નહીં, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે. તેમના જ્ઞાન અને અનુભવોના કારણે શિક્ષણ ક્ષેત્રમાં નવી દિશા મળશે તેવી આશા છે.

ભારતીય અર્થવ્યવસ્થાના ક્ષેત્રમાં પણ સકારાત્મક સમાચાર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૦૫ ડિસેમ્બર ૨૦૨૫ ની મોનિટરી પોલિસી બેઠકમાં **૦.૨૫% રેપો રેટ ઘટાડવાનો નિર્ણય કર્યો છે,** જેના કારણે લોનના EMI માં રાહત મળશે. સાથે સાથે, નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે જીડીપી વૃદ્ધિ દરમાં અંદાજ વધારીને ૭.૩% કરવામાં આવ્યો છે, જે આપણા દેશની અર્થવ્યવસ્થાની મજબૂતાઇ દર્શાવે છે.

ગુજરાત સરકાર તથા ઈન્ડેક્સ-બી દ્વારા **૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬** દરમિયાન રાજકોટ ખાતે યોજાનાર **વાયબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ-કચ્છ અને સૌરાષ્ટ્ર** આપણા વેપાર અને ઉદ્યોગ માટે નવા અવસરો લાવશે. આ કોન્ફરન્સમાં શ્રેણીબદ્ધ સેમિનારો, B2B અને B2G મિટીંગો યોજાશે, જે રોકાણ અને વિકાસ માટે ઉત્તમ પ્લેટફોર્મ

સાબિત થશે.

**ગુજરાત માટે વધુ ગૌરવની વાત !** અમદાવાદ શહેરને **૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું યજમાન પદ** મળ્યું છે. આ માત્ર રમતગમત ક્ષેત્રમાં જ નહીં, પરંતુ ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પર્યટન અને રોજગાર ક્ષેત્રમાં પણ ક્રાંતિ લાવશે. નવા સ્ટેડિયમ, હૉટેલ્સ, ટ્રાન્સપોર્ટ સુવિધાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરના વિકાસ પ્રોજેક્ટ્સથી રાજ્યની અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનશે.

સાથે સાથે, **નવા શ્રમ કાયદા** અમલમાં આવ્યા છે, જે ઉદ્યોગોને વધુ લવચીકતા આપે છે અને કર્મચારીઓ માટે સુરક્ષા વધારશે. તેના કેટલામક મુખ્ય લાભોઃ

- **એકસરખા નિયમો :** વિવિધ શ્રમ કાયદાઓને એકીકૃત કરીને સરળતા.
- **લવચીક કામકાજ સમય :** ઉદ્યોગોને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે વધુ સ્વતંત્રતા.
- **કર્મચારીઓની સુરક્ષા :** પી.એફ. ગ્રેચ્યુઈટી અને આરોગ્ય લાભોમાં સુધારો. આ સુધારા ઉદ્યોગોને સ્પર્ધાત્મક બનાવશે અને રોકાણકારોને ગુજરાત તરફ આકર્ષશે.

મિત્રો, આ બધા વિકાસના પગલાં આપણને પ્રેરણા આપે છે કે આપણે પણ નવા વિચારો, નવી તકનીકો અને નવા અવસરોને સ્વીકારીને આગળ વધીએ. ચાલો, ૨૦૨૬ને વિકાસ અને સફળતાનું વર્ષ બનાવીએ !

**''સફળતા એન તકની રાહ જોવામાં નથી, તકને સર્જવામાં છે.''**

ચાલો, સાથે મળીને તક સર્જીએ અને જામનગરને વિકાસના શિખરે પહોંચાડીએ !

**કેયૂર સી. ખદ્દર**
માનદ્ સંપાદકશ્રી

# જામનગર ચેમ્બર દ્વારા થયેલ કાર્યવાહીની નોંધ

૦૫-૧૧-૨૦૨૫ શ્રીમતિ નિર્મલાબેન સીતારામનજી, માન. નાણાં મંત્રીશ્રી, ભારત સરકાર, નવી દિલ્હીને, શ્રી પિયુષ ગોયલજી, માન. મંત્રીશ્રી, કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીને, શ્રી ટી.વી. સોમનાથન, કેબીનેટ સેક્રેટરી, નવી દિલ્હીને તથા શ્રી પૂનમબેન માડમ, માન. સાંસદ શ્રી, જામનગર-દેવભૂમિ દ્વારકા, જામનગરને, PIMS, SIMS AND NFMIMS સીસ્ટમ્સ હેઠળ ફરજીયાત પૂર્વ નોંધણી કરવા અંગે પત્ર દ્વારા રજુઆત.

૧૭-૧૧-૨૦૨૫ શ્રી પૂનમબેન માડમ, માન. સાંસદ શ્રી, જામનગર-દેવભૂમિ દ્વારકાને જામનગર ચેમ્બરને રેલ્વેની ઝેડઆરયુસીસી તથા ડીઆરયુસીસીમાં પ્રતિનિધિત્વ મળવા બાબત પત્ર દ્વારા રજુઆત.

૧૭-૧૧-૨૦૨૫ શ્રી કનુભાઇ એમ. દેસાઇ, માન. નાણાં મંત્રીશ્રી, ગુ. રા., ગાંધીનગરને જામનગર ખાતે જીએસટી માટેની બાયોમેટ્રિક્સ સુવિધા શરૂ કરવા પત્ર દ્વારા રજુઆત.

૦૪-૧૨-૨૦૨૫ શ્રી કેતનભાઇ ઠક્કર, માન. કલેક્ટરશ્રી, જામનગરને જામનગર જિલ્લામાં જીએસટી માટેની બાયોમેટ્રિક્સ સુવિધા શરૂ કરવા અંગે પત્ર દ્વારા રજુઆત.

૦૯-૧૨-૨૦૨૫ શ્રી સંદિપ એન્જિનિયર, પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદને જામનગરના વિસ્તારના વ્યાપાર-ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નો ઉપમુખ્ય મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવા બાબત પત્ર દ્વારા રજુઆત.

૧૫-૧૨-૨૦૨૫ ડૉ. મનસુખભાઇ માંડવીયા, માન. મંત્રીશ્રી, લેબર અને એમ્પ્લોઇમેન્ટ વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હીને, શ્રી અશોકકુમાર સીંઘ (આઇ.એ.એસ.), ડાયરેક્ટર જનરલ, એમ્પ્લોઇસ સ્ટેટ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC), નવી દિલ્હીને, રીજીયોનલ ડાયરેક્ટ, ESIC અમદાવાદને બ્રાંચ મેનેજર/ઓફિસ ઇન્ચાર્જ, ESIC લોકલ ઓફિસ, જામનગર તથા શ્રી પુનમબેન માડમ, માન. સાંસદશ્રી, જામનગર દેવભૂમિ દ્વારકાને ESIC SPREE SCHEME ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી લંબાવવા પત્ર દ્વારા રજુઆત.

૧૭-૧૨-૨૦૨૫ શ્રીમતિ નિર્મલાબેન સીતારામનજી, માન. નાણાં મંત્રીશ્રી, ભારત સરકાર, નવી દિલ્હીને, શ્રી પિયુષભાઇ ગોયલજી, માન. મંત્રીશ્રી, કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હી, ડાયરેક્ટર ઓફ ફોરેન ટ્રેડ, નવી દિલ્હી, ચેરમેન શ્રી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્ષીસ અને કસ્ટમ્સ, નવી દિલ્હી, તથા શ્રી પૂનમબેન માડમ, માન. સાંસદ શ્રી, જામનગર-દેવભૂમિ દ્વારકા, જામનગરને, NFMIMS નોંધણી અને IMS પોર્ટલ ડાઉનટાઇમ અંગે પત્ર દ્વારા રજુઆત.

૧૮-૧૨-૨૦૨૫ શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, માન. મુખ્ય મંત્રીશ્રી, ગુ.રા., ગાંધીનગર, શ્રી હર્ષભાઇ સંઘવી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુ.રા., ગાંધીનગર, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ, ગુ.રા., ગાંધીનગર, શ્રીમતિ રિવાબા જાડેજા, માન. મંત્રીશ્રી, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર, શ્રી સંજયસિંહ મહીડા, માન. મંત્રીશ્રી, મહેસુલ અને આપતી વ્યવસ્થાપન, ગુ.રા., ગાંધીનગર, શ્રી દિવ્યેશભાઇ અકબરી, માન. ધારાસભ્યશ્રી-૭૯, જામનગરને જી.આઇ.ડી.સી. દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ/શેડના ટ્રાન્સફરના કિસ્સામાં સ્ટેમ્પ ડ્યૂટીની વસૂલાત બાબતે પત્ર દ્વારા રજુઆત.

## :: મિટિંગ ::

૧૨-૧૧-૨૦૨૫ આજરોજ જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશન દ્વારા યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમ તથા જામનગરની અગ્રગણ્ય ઔદ્યોગિક/વ્યાપારી સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ કે જેમની રાજ્યની અગ્રગણ્ય સંસ્થામાં ઉચ્ચ

હોદ્દાઓ પર વરણી થયેલ હોય તેઓના પ્રમુખોના સન્માન કાર્યક્રમ યોજાયેલ જેમાં ચેમ્બરના હોદ્દેદારો તથા કારોબારી સમિતિના સભ્યોએ હાજરી આપેલ હતી.

૧૫-૧૧-૨૦૨૫ આજરોજ ચેમ્બર ખાતે SPREE તથા ESIC અંગે માર્ગદર્શક સેમિનાર સાંજના ૦૪.૦૦ કલાકે યોજાયેલ. જેમાં રીજિયોજલ ડાયરેક્ટર શ્રી હેમંકુમાર પાંડે તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા.

૧૮-૧૧-૨૦૨૫ આજરોજ જામનગર હાર્ડવેર મેન્યુફેક્ચરર્સ એસોસીએશન દ્વારા સીડબી (સ્મોલ ઇન્ડ. ડેવ. બેંક ઓફ ઇન્ડિયા સાથે યોજાયેલ બેઠકમાં સંસ્થાના પ્રમુખશ્રી રમણીકભાઇ પી. અકબરી તથા મંત્રીશ્રી કૃણાલ વી. શેઠે હાજરી આપેલ હતી.

૨૧-૧૧-૨૦૨૫ આજરોજ સંસ્થાની પર્યાવરણ અને વોટર કન્ઝર્વેશન પેનલની પ્રથમ બેઠક સાંજના ૫.૩૦ કલાકે મળેલ હતી.

૨૨-૧૧-૨૦૨૫ આજરોજ સંસ્થાની કારોબારી સમિતિની સાતમી (૦૭) બેઠક સાંજના ૫.૩૦ કલાકે યોજાયેલ હતી તથા ત્યારબાદ જામનગર-૭૮ વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતિ રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાની રાજ્ય કક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ખાતાના મંત્રીશ્રી તરીકે નિમણુંક થતાં તેમનો સન્માન સમારંભ યોજાવામાં આવેલ.

૦૬-૧૨-૨૦૨૫ આજરોજ રાજકોટ ખાતે વાયબ્રન્ટ ગુજરાત રિજીયોનલ કાઉન્સિલ અંગે યોજાયેલ બેઠકમાં સંસ્થાના માનદ મંત્રીશ્રી કૃણાલભાઇ વી. શેઠ તથા કારોબારી સમિતિના સભ્યશ્રી હર્ષિલભાઇ વી. ગજેરાએ હાજરી આપેલ હતી.

૧૧-૧૨-૨૦૨૫ આજરોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્યના ઉપમુખ્ય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાથે યોજોયલ બેઠકમાં ચેમ્બરના પ્રમુખશ્રી રમણીકભાઇ પી. અકબરી તથા માનદ મંત્રીશ્રી કૃણાલભાઇ વી. શેઠ તથા માનદ ખજાનચીશ્રી તુષારભાઇ રામાણીએ હાજરી આપેલ હતી.

૧૩-૧૨-૨૦૨૫ આજરોજ જામનગર પટેલ સમાજ, રણજીતનગર ખાતે યોજાયેલ ડિસ્ટ્રીક્ટ લેવલ પ્રોગ્રામમાં ચેમ્બરના હોદ્દેદારો તથા કારોબારી સમિતિના સભ્યોએ હાજરી આપેલ હતી.

૧૬-૧૨-૨૦૨૫ આજરોજ સંસ્થાની ઇન્કમટેક્સ અને કોર્પોરેટ લોઝ, ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ (સ્ટેટ), કસ્ટમ અને સેન્ટ્રલ જીએસટી તથા કેપીટલ માર્કેટ, ફાયનાન્સ અને બેકિંગ પેનલની સંયુક્ત બેઠક સાંજના ૫.૦૦ કલાકે યોજાયેલ હતી.

## :: પ્રેસનોટ ::

૧૯-૧૧-૨૦૨૫ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સ્પ્રી સ્કીમ તથા ESIC અંગે તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાયેલ માર્ગદર્શક સેમિનાર અંગે પ્રેસનોટ નં...૧૨

૨૬-૧૧-૨૦૨૫ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજ્ય કક્ષાના મંત્રી શ્રીમતિ રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાનો તા. ૨૨-૧૧-૨૦૨૫ ના રોજ યોજાયેલ સન્માન કાર્યક્રમ અંગે પ્રેસનોટ નં...૧૩

૨૭-૧૧-૨૦૨૫ હાલારના સાંસદ શ્રી પુનમબેન માડમના પ્રયાસોના લીધે કાનાલુસ થી દેવભૂમિ દ્વારકા(ઓખા) સુધીના રેલ્વે ડબલીંગ પ્રોજેક્ટને કેબિનેટની મંજુરી મળતા હર્ષ સાથે આવકારતું જામનગર ચેમ્બર અંગે પ્રેસનોટ નં...૧૪

## નવાંગુતકોને આવકાર અને અભિનંદન
## ચેમ્બર પરિવારમાં નવા દાખલ થયેલ સભ્યશ્રીઓને આવકારીએ છીએ.

| ક્રમ | સભ્ય પેઢીનું નામ | અધિકૃત પ્રતિનિધિશ્રીઓના નામ તથા હોદ્દો | વિભાગ નંબર |
|---|---|---|---|
| ૧. | નોલેક્ષા વેન્ચર્સ | તેજસ ગુલાબચંદ મારૂ, પાર્ટનર<br>નિષમા તેજસ મારૂ, પાર્ટનર | ૦૬ |
| ૨. | પ્રિન્સી ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લી. | પ્રકાશ રણછોડભાઇ કથીરીયા, ડાયરેક્ટર<br>હિતેષ રણછોડભાઇ કથીરીયા, ડાયરેક્ટર | ૦૬ |
| ૩. | પાની પ્રિસીસન પ્રોડક્ટસ એલએલપી | કપીલ મનહરલાલ દવે, પાર્ટનર<br>નરેન્દ્ર જગજીવનભાઇ કણઝારીયા, પાર્ટનર | ૦૬ |
| ૪. | આર. જે. ઇન્ડસ્ટ્રીઝ | રાજેશ જમનાદાસ કનખરા, પ્રોપરાઇટર | ૦૭ |
| ૫. | વિનષ સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટસ | સોમીલ સુરેશ ખટ્ટર, પ્રોપરાઇટર | ૧૧ |

### અસ્વીકરણ (Disclaimer)

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના આ બુલેટિન માં પ્રકાશિત કરવામાં આવેલ તમામ લેખો અને માહિતી આ બુલેટિન ના તમામ વાંચકોને માત્ર સામાન્ય જાણકારી માટે છે. આ બુલેટિનમાં પ્રકાશિત કોઇપણ લેખ કે માહિતી લેખકોના સ્વતંત્ર અભિપ્રાય અને તેમની અંગત જાણકારી અનુસારના હોવાથી જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોઇ પણ લેખ અથવા માહિતીની સત્યતા, સંપૂર્ણતા કે સમયસૂચકતા બાબતે કોઇપણ પ્રકારની ગેરંટી આપવાાં આવતી નથી. આ બુલેટિનમાં પ્રકાશિત કરવામાં આવેલ તમામ લેખો કે માહિતીનો ઉપયોગ કરીને કોઇ ચોક્કસ નિર્ણય કરતાં પહેલાં વાંપકોએ અધિકૃત તંત્રોની કાયદેસરની સલાહ લેવી જરૂરી છે. તમામ વાચકોએ પોતાના સ્વતંત્ર વિવેક બુદ્ધિને અનુસરીને નિર્ણયો લેવાની સલાહ આપવામાં આવે છે. માત્ર આ બુલેટિન માં પ્રકાશિત કરવામાં આવેલ લેખો કે માહિતના આધારે લેવામાં આવેલ કોઇપણ નિર્ણય કે કાર્યવાહીમાં જો કોઇ પણ પ્રકારનું નુકસાન થાય તો તેના માટે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને આ બુલેટિનના લેખકો કોઇપણ પ્રકારની જવાબદારી સ્વીકારતા નથી.

# JAMNAGAR CHAMBER of Commerce & Industry

## MEMBER BENEFITS AT GLANCE

### Business Networking

- Hosting of dignitaries, industrial summits, and award ceremonies.
- Exclusive access to trade fairs, exhibitions, and B2B meets.
- Connect with national and international delegations for global business exposure.
- Obtain discount upto INR 50000 from Mercedes-benz on purchase of new car

### Representation & Advocacy

- Raise your concerns through JCCI's representation before government and regulatory bodies.
- Participate in expert panels on trade, taxation, industrial policy, and more.
- Assistance in embassy communications for resolving issues such as blocked international payments.

### National Affiliations

- Proudly affiliated with ASSOCHEM, FICCI, CII, IMC, GCCI, enhancing your business credibility and reach.
- Collaborations with leading chambers across India and abroad.

### Export Facilitation

- Issuance of Certificate of Origin (Non-Preferential) for exporters.
- Attestation of key trade documents including invoices, bills of lading, shipping bills, packing lists, and insurance papers.
- Support in ensuring compliance with international trade regulations.
- Issuance of Certificates of Merit and Free Commodity Letters for eligible members.
- Provision of recommendation letters for visa applications.

### Information & Publications

- Bi-monthly bulletin featuring updates on government policies, industry schemes, and trade news.
- Timely alerts on regulatory changes, export-import guidelines, and compliance updates.

*Joining JCCI means joining a network of opportunity, growth and advocacy*

**www.jccijamnagar.com**

# જુદા જુદા સમયે જુદી જુદી કક્ષાના રોકડ રકમના વ્યવહારો વિષે કરવેરાની જોગવાઈઓ – ભાગ ૧

જે કેશ તમારા હાથ ઉપર હોય તે તમારા ઈન્કમ ટેક્સ રિટર્ન પરથી વ્યાજબી ઠરવી જોઈએ. માની લો કે આપના ઘરમાંથી દસ લાખ રૂપિયા કેશ મળી આવે છે, આ વર્ષે આપે ઇન્કમ ટેક્સ રિટર્નમાં બે લાખ કેશ ઓન હેન્ડ બતાવી છે અને ત્યાર પહેલાં આપે કોઈ રિટર્ન ભર્યું નથી તો આઠ લાખ રૂપિયા કોઈ વ્યાજબી ખુલાસા વગરના રહી ગયા તે ન ચાલે.

રોકડ નાણું બાળકથી માંડીને વૃદ્ધ સુધી બધાને આકર્ષે છે. કેશ એટલે કે રોકડ એ ઘર કે બહાર ઘણા બધા વ્યવહારોમાં ઉપયોગમાં લેવાતી વસ્તુ છે. પણ આ બાબતે ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇ.ડી.) અને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા જેવી નિયામક સંસ્થાઓએ અલગ અલગ નિયમો બનાવેલા છે. આ નિયમો રોકડ રકમનો ક્યાં અને કેટલી મર્યાદામાં ઉપયોગ થઇ શકે તે બાબતની સ્પષ્ટતા કરે છે. જો આ મર્યાદાઓનો ભંગ થાય તો ઇડી અથવા ઇન્કમટેક્ષની રેડ પડે અથવા રિઝર્વ બેન્ક ઓફ તરફથી તમને નોટિસ પાઠવવામાં આવે તો નવાઇ પામશો નહીં. આવી નોટિસ આપને ન મળે અને કોઇ પણ હેરાનગતિ ઊભી ન થાય તે માટે રોકડ વ્યવહારો અંગેની ચર્ચા આપણે કરીશું.

રોકડના હાથબદલા ઉપર આયકર વિભાગે ઘણાં નિયંત્રણો મૂક્યાં છે. જુદા જુદા પ્રકારના રોકડ વ્યવહારો ઉપર અલગ અલગ મર્યાદાઓ લાદવામાં આવી છે. ઇન્કમટેક્ષ, રિઝર્વ બેન્ક અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા લાદવામાં આવેલ કેશ ટ્રાન્ઝેક્શનની મર્યાદાઓ વ્યક્તિ તેમ જ તેના વ્યવસાય મુજબ છે. હવે પછી આપણે કોઇપણ પ્રકારનું રોકડ વ્યવહાર કરીએ તો આ મર્યાદાઓની અંદર રહીને કરવાનો છે અને આવા વ્યવહારો બને ત્યાં સુધી ઓછામાં ઓછા થાય તે જોવાનું છે. આમ છતાં ય રોકડ વ્યવહાર કરવો જ પડે એમ હોય તો તમારા ટેક્ષ કન્સલ્ટન્ટની સલાહ લઈને કરવો જેથી આગળ ઉપર કોઇ ગૂંચવાડો થાય નહીં.

તમે ઘરમાં કેટલી રોકડ રાખી શકો ?

તમે ઘરમાં કેટલી રોકડ રાખી શકો ? રોકડેથી ખર્ચ કરવાનો છે, પરિવારમાં લગ્ન નિમિત્તે સોનું ખરીદવું છે, પ્રોપર્ટી ખરીદવી અથવા વેચવી છે. બેન્કમાં કેશ જમા કરાવવી છે અથવા તો બેન્કમાંથી કેશ ઉપાડવી છે, કોઇ પણ વ્યક્તિને રોકડમાં ભેટ અથવા ફાળો (ડોનેશન) આપવું છે તો આ પ્રકારના વ્યવહારો માટેના નિયમો તેમજ નિર્ધારિત મર્યાદા બાબતે પહેલા સમજી લેવું જોઇએ.

**સૌથી અગત્યનો પ્રશ્ન છે, ઘરમાં કેટલી રોકડ રાખી શકાય ?**

ઈન્કમ ટેક્ષવાળા સામાન્ય રીતે કોઇના પણ ઘરે આવતા નથી. જડતી અને જપ્તી અથવા આવકવેરાની ધાડ બહુ મોટા કિસ્સાઓમાં જ હાથ ધરાય છે અને એ માટેનો જરૂરી લેખિત હુકમ અને કારણો બતાવવા માટે તેઓ બંધાયેલા છે. આ સંજોગોમાં આપના ઘરે અથવા હાથ પર જે રોકડ રકમ હોય તે અંગેના જરૂરી ડોક્યુમેન્ટ અથવા ટેકારૂપ કાગળો તમારી પાસે હોવા જોઇએ. આપનો પ્રયત્ન એ હોવો જોઇએ કે આપની પાસે ઉપલબ્ધ રોકડ રકમ ક્યાંથી આવી તેનો યોગ્ય ખુલાસો અને એવા પુરાવા હાથ પર હોય.

**ઘરમાં આવકવેરાનો છાપો પડે ત્યારે શું થાય ?**

સામાન્ય રીતે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા, એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઇડી), જીએસટી વગેરે સત્તાવાળાઓ આપના ઘરની મરજીમાં આવે તે પ્રમાણે તલાશી લઇ શકતા નથી. ધારો કે આપના ઘરમાં રેડ દરમિયાન એક લાખ રૂપિયા જેટલું રોકડ નાણું મળે છે અને આપની પાસે એ માટેની વિગતો ચોપડે નોંધાયેલી છે, આપ એક દુકાનદાર છો, આપને ખબર છે કે આ રોકડ ક્યાંથી આવી છે, તેમ જ એના ટેકામાં પૂરતા ડોક્યૂમેન્ટ છે, હિસાબના ચોપડા છે અને એમાં થયેલ ખતવણીમાં આ કેશ બાબતે પણ એન્ટ્રી પડેલી છે તો ચિંતાનું કોઇ કારણ નથી. માની લો કે, આપે ૫૦,૦૦,૦૦૦ થી કોઇ મિલકત વેચી છે અને એના રૂપિયા આપના એકાઉન્ટ્સમાં આવ્યા હતા પણ આપ એવું નહોતા ઇચ્છતા કે, તમારા રૂપિયા બેન્કમાં પડ્યા રહે અને એ ૫૦,૦૦,૦૦૦ બેન્કમાંથી કાઢીને આપે ઘરમાં રાખ્યા છે અને કોઇ રેડ પડે છે, જે દરમિયાન તમારો ખુલાસો પૂછવામાં આવે તો તમે અત્યંત સરળતાપૂર્વક આ પ્રકારની રોકડ રકમ બાબત અને તે આપની પાસે ક્યાંથી આવી તે અંગે ખુલાસો કરી શકો છો અને કહી શકો છો કે, 'આ મારા બે નંબરના નહીં પણ એક નંબરના રૂપિયા છે.'

આવી પરિસ્થિતિમાં આપે કોઇ ટેન્શન લેવાની જરૂર નથી. આ ઉપરાંત આપની પાસે એક વાહન છે અને તેની કિંમત જેનો સોર્સ બતાવી શકાય તેવી રોકડથી ચૂકવાયા છે. તો ચિંતાનું કોઇ કારણ નથી. ધારો કે આપની પાસે કોઇ ફિક્સ્ડ ડિપોઝિટ હતી જે પાકી ગઇ, આપે કોઇ પ્રોપર્ટી વેચી એના રૂપિયા આવ્યા અથવા તો આપને કોઇ વળતર મળ્યું છે, તે ઉપરાંત આપના કોઇ કૌટુંબિક સભ્ય આપના પિતાશ્રી, માતુશ્રી અથવા પત્નીએ આપને રૂપિયા આપ્યા છે અથવા આપે કોઇ માલ વેચ્યો છે અને માની લો કે એ રૂપિયા બપોરના ચાર વાગ્યા બાદ તમારી પાસે આવે છે જે બેન્કમાં જમા કરાવી શકાય તેમ નથી તો એમાં કોઇ ગુનો બની જતો નથી. ધારો કે આપનું રોજનું દસ લાખનું ટર્નઓવર છે અને કોઇ વ્યાજબી કારણોસર ચાર વાગ્યા પહેલા આપ એ રૂપિયા બેન્કમાં નથી નાખી શકતા તો પણ ચિંતિત થવાનું કોઇ કારણ નથી. આપ જો સર્વિસ પ્રોવાઇડર હો અને ચોપડે કેશ ઓન હેન્ડ બોલતી હોય અથવા આપ ખેડૂત હો અને અધિકૃત ચેનલ એટલે કે ગંજબજાર અથવા હોલસેલરને આપે અનાજ શકાભાજી વેચ્યું હોય તો પણ તમારી પાસે જેટલી રોકડ હાથ પર હોય તે બાબત કોઇ પ્રકારની ચિંતા રાખવાની જરૂર નથી.

બીજી વાત એ પણ સમજી લઇએ કે જે કેશ તમારા હાથ ઉપર હોય તે તમારા ઇન્કમટેક્ષ રિટર્ન પરથી વ્યાજબી ઠરવી જોઇએ. માની લો કે, આપના ઘરમાંથી દસ લાખ રૂપિયા કેશ મળી આવે છે, અને આ વર્ષે આપે ઇન્કમટેક્ષ રિટર્નમાં બે લાખ કેશ ઓન હેન્ડ બતાવી છે અને ત્યાર પહેલાં આપે કોઇ રિટર્ન ભર્યું નથી તો આઠ લાખ રૂપિયા કોઇ વ્યાજબી ખુલાસા વગરના રહી ગયા તે ન ચાલે. આમ, તમારી બેલેન્સ-શીટમાં કેશ ઇન હેન્ડ સાચી રીતે બતાવાયેલી હોવી જોઇએ.

**આવકના સોર્સ**

સામાન્ય સમજ મુજબ આપની આવક પગારની, ભાડાની, કેપિટલ ગેઇનની કે ધંધાની આવક હોઇ શકે. જે આવક આ ચાર સદર હેઠળ નથી આવતી એને આપણે 'ઇન્કમ ફ્રોમ અધર સોર્સીસ' અર્થાત્ બીજા કોઇ સોર્સમાંથી થયેલ આવક ગણી શકીએ. રેડ દરમિયાન આપના ઘરેથી રોકડ મળી આવી અને ઉપરોક્ત ચર્ચા મુજબ આપે એનો જવાબ પણ આપી દીધો તો ચિંતાનું કોઇ કારણ નથી. પણ આપ આ રોકડ ક્યાંથી આવી તે નથી સમજાવી શકતા અને કોથળામાં ભરેલી કે અન્ય રીતે છુપાવેલી કેશ મોટા જથ્થામાં મળે છે, જેના સોર્સ બાબત ટેક્ષ ઓફિસરને આપ સંતોષજનક ખુલાસો નથી આપી શકતા કે આ રોકડ આપની પાસે ક્યાંથી આવી - તો સમજી લેજો કે તમારી પાસેથી મળી આવેલ રોકડ ઉપર ટેક્ષ ઉપરાંત વ્યાજ અને પેનલ્ટી આપવી પડશે જે કુલ રકમના ૧૩૭ ટકા સુધી હોય શકે છે એટલે કે જો દસ લાખ રૂપિયા આપના ઘરમાંથી મળે તો એના ઉપર ટેક્ષ, વ્યાજ અને તેર લાખ સિત્તર હજાર સુધીની પેનલ્ટી ચૂકવવી પડશે.

તમને થશે કે રોકડ તમારા ઘરમાં પડી છે તો આયકર વિભાગને એની બાતમી કોણ આપી આવશે ? કેટલીવાર તમારા કર્મચારી અથવા કોઇ જાણભેદુ મારફત આવી માહિતી આયકર વિભાગ સુધી પહોંચતી હોય છે. ખૂબ મોટી રકમના વ્યવહારો જે બેન્ક થકી કરો છો તે બેન્ક દ્વારા પણ ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટને જાણ કરવામાં આવશે જ. એ બેન્કની જવાબદારી છે. એટલે જ્યાં આયકર વિભાગને સીધી માહિતી નથી મળતી ત્યાં બેન્ક થકી મળી શકે છે.

જો તમે એક જ બેન્કમાં અનેક ખાતાં રાખો તો પણ આપની કસ્ટમર આઇડી તો એ જ રહે છે. માની લો કે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં તમારો એક લોન એકાઉન્ટ છે, એક સેવિંગ્સ એકાઉન્ટ છે અને તે સિવાય બીજા પણ કેટલાંક ખાતાં છે પરંતુ તમારી કસ્ટમર આઇડી અને પાનકાર્ડ તો એક જ છે. આનો અર્થ સમજાયો ? કોઇપણ ખાતામાં તમે સમગ્ર જે રોકડ રકમ જમા કરવો કે ઉપાડો તે કાયદાની મર્યાદામાં હોય ત્યાં સુધી વાંધો નથી. પણ તેનાથી વધારે રોકડ રકમ આપ જમા કરાવવા જશો તો બેન્ક દ્વારા આપનો પાન નંબર માગવામાં આવશે. સેવિંગ્સ બેન્ક એકાઉન્ટના કિસ્સામાં તો આ ટ્રાન્ઝેક્શન રિપોર્ટ કરવામાં આવશે. જો આપ ઇન્કમટેક્ષ રિટર્ન ન ભરતા હો તો ૧૦૧ ટકા આયકર વિભાગ આપને નોટિસ આપશે. જો કરન્ટ એકાઉન્ટમાં પચાસ લાખ કરતા વધુ રકમની કેશ ડિપોઝિટ અથવા વિથડ્રોઅલ કરવામાં આવે તો આ ડેટા ઓનલાઇન જોઇ શકાશે. કરન્ટ એકાઉન્ટમાં આ લિમિટ પચાસ લાખની છે, જ્યારે સેવિંગ્સ એકાઉન્ટમાં દસ લાખની છે. આમ, ભલે તમે રોકડ રકમ ડિપોઝિટ કરો અથવા એનો બેન્ક એકાઉન્ટમાંથી ઉપાડ કરો આ પ્રકારના કેશ ટ્રાન્ઝેક્શન બાબતે આપે ઉપર જણાવેલ મર્યાદામાં રહેવું પડશે.

## નિયત ધંધાકીય એકમોએ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ચુકવણી સ્વીકારવા માટે કરવાની સુવિધા!

# રોકડ ઉપાડના વ્યવહારો પર નિયંત્રણના હેતુસર TDS ની જોગવાઈ

### કલમ ૧૯૪એન હેઠળ રોકડ વ્યવહારોને નિયંત્રિત કરવા માટે વાર્ષિક રૂા. ૧ કરોડથી વધુ રોકડ ઉપાડના સંદર્ભમાં ૨% ના દરે TDSની જોગવાઈ

Cash Transactions ને પ્રોત્સાહન ન મળે તેમજ Cashless Economy તરફ આગળ વધવાના હેતુસર કલમ ૧૯૪એન હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ પણ શખ્સ દ્વારા નાણાકીય વર્ષ દરમિયાન તેના એક કે વધુ બેન્ક એકાઉન્ટમાંથી કુલ મળીને રૂા. ૧ કરોડથી વધુ રકમનો ઉપાડ કરવામાં આવે, તો રૂા. ૧ કરોડથી વધારાની આવી રકમના સંદર્ભ માં, સંબંધિત બેન્ક, કો-ઓપરેટિવ બેન્ક કે પોસ્ટ ઓફિસ દ્વારા ૨% ના દરે TDSની કપાત કરવામાં આવશે.

અલબત્ત, આ કલમ હેઠળ કરાયેલી સ્પષ્ટતા અનુસાર, TDSની કપાતની જવાબદારી, સરકાર, બેન્ક, કો-ઓપરેટિવ બેન્ક કે પોસ્ટ-ઓફિસ, ATM Operator તેમજ આ હેતુસર માન્ય કરવામાં આવે તેવા શખ્સ દ્વારા કરાતા રોકડ ઉપાડના સંદર્ભમાં લાગુ પડશે નહીં. આ ઉપરાંત Official Gazette માં notify કરવામાં આવે તેવા શખ્સોના કેસમાં, નિયત શરતોને આધીન, TDSની ઉપરોક્ત દરમાં કેન્દ્ર સરકાર દ્વારા યોગ્ય રાહત જાહેર કરી શકાશે.

### આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ થી કો-ઓપરેટિવ સોસાયટીના કેસમાં રોકડ ઉપાડ માટેની નાણાકીય મર્યાદા વધારીને રૂા. ૩ કરોડ કરાઈ !

સરકારી ક્ષેત્રને રાહત આપવાના હેતુસર આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ થી કરાયેલા સુધારા અન્વયે કો-ઓપરેટિવ સોસાયટીના કેસમાં કલમ ૧૯૪એન હેઠળ TDSની કપાત કરવાના સંદર્ભમાં રૂા. ૧ કરોડની ઉપરોક્ત નાણાકીય મર્યાદાને વધારીને રૂા. ૩ કરોડ કરાઈ છે.

### નિયમિત આવકવેરા રિટર્ન ફાઈલ ન કરાયા હોય તો કલમ ૧૯૪એન હેઠળ TDSની વધુ કડક જોગવાઈઓ !

આવી રોકડ રકમ ઉપાડનાર શખ્સ દ્વારા, જો ઉપાડની અગાઉના સળંગ ત્રણ આકારણી વર્ષ માટેના આવકવેરા રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા ન હોય, તો તેવા કેસમાં ઉપરોક્ત જોગવાઈઓ અમલ, નીચે જણાવાયેલા સુધારાને લક્ષમાં રાખીને કરવાનો રહેશે :

સંબંધિત વર્ષ દરમિયાન, જો રોકડમાં રૂા. ૨૦ લાખથી વધુનો ઉપાડ કરાયો હોય અને જો આવો ઉપાડ રૂા. ૧ કરોડથી વધુ ન હોય, તો ઉપાડની કુલ રકમ ઉપર ૨% ના દરે TDS ની કપાત કરવામાં આવશે.

સંબંધિત વર્ષ દરમિયાન, જો રોકડમાં ઉપાડની રકમ રૂા. ૧ કરોડથી વધુ થતી હોય, તો આવા ઉપાડની સમગ્ર રકમ ઉપર ૫% ના દરે TDS ની કપાત કરવામાં આવશે.

### કલમ ૨૬૯એસયુ હેઠળ રૂા. ૫૦ કરોડથી વધુ વકરો ધરાવતા એકમો માટેની જવાબદારી

દેશના અર્થતંત્રમાં કાળા નાણાનું ચલણ અંકુશમાં રહે તેમજ digital economi ને પ્રોત્સાહન આપવાના હેતુસર ૧ લી નવેમ્બર, ૨૦૧૯થી અમલી કલમ ૨૬૯ એસયુ હેઠળ કરાયેલી જોગવાઈ અનુસાર, અગાઉના નાણાકીય વર્ષ દરમિયાન રૂા. ૫૦ કરોડથી વધુ વેચાણ (Turnover) કે ગ્રોસ રિસિટ ધરાવતા કોઈપણ ધંધાકીય એકમે તેના ગ્રાહકો પાસેથી ઈલેક્ટ્રોનિક માધ્યમ, જેમ કે UPI/BHIM/RuPay/PhonePe જેવા digital App ના માધ્યમથી કરવામાં આવતી ચુકવણીઓની સ્વીકૃતિ માટેની ફરજિયાત વ્યવસ્થાનું આયોજન કરવાનું જરૂરી રહેશે. ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૯ના નોટિફિકેશન નંબર ૧૦૫ અન્વયે દાખલ કરાયેલ નિયમ ૧૧૯એએ હેઠળ આ માટેની નિયત જોગવાઈઓ કરવામાં આવેલ છે, જે અનુસાર ૩૧ મી જાન્યુઆરી, ૨૦૨૦ સુધીમાં સંબંધિત ધંધાકીય એકમ દ્વારા જરૂરી વ્યવસ્થાનું આયોજન કરવાનું રહેશે.

### કલમ ૨૬૯એસયુ હેઠળ ચૂક કરાય તો દિવસ દીઠ રૂા. ૫,૦૦૦ નો દંડ !

કલમ ૨૭૧ડીબી હેઠળ કરાયેલી જોગવાઈ અનુસાર, કલમ ૨૬૯એસયુ હેઠળની ઉપરોક્ત વ્યવસ્થાના આયોજનનો ભંગ કરવામાં આવે, તો આવા કેસમાં દિવસ દીઠ રૂા. ૫,૦૦૦ ના દંડની જોગવાઈ કરવામાં આવી છે, અલબત્ત, જો સંબંધિત શખ્સ દ્વારા પુરવાર કરવામાં આવે કે આ જોગવાઈના ભંગ બદલ યોગ્ય કે વાજબી કારણ હતું. તો તે સંજોગોમાં દંડમાંથી મુક્તિ મળી શકશે.

આ ઉપરાંત Payment and Settlement System Act., ૨૦૦૭માં આનુષંગિક સુધારો કરીને એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે કલમ ૨૬૯એસયુ હેઠળ ઈલેક્ટ્રોનિક ચુકવણીના સંદર્ભમાં કોઈપણ બેન્ક કે સિસ્ટમ પ્રોવાઈડર દ્વારા કોઈપણ સીધો કે આડકતરો ચાર્જ વસૂલ કરવામાં આવશે નહીં.

# ઈન્કમ ટેક્સ નોટિસથી બચવા ક્યા વ્યવહારોમાં સાવધાની રાખવી ?

ઇન્કમ ટેક્સ હેઠળ નોટિસ આવે ત્યારે વ્યક્તિ તાણ અનુભવતો હોય છે તે સામાન્ય બાબત છે. એક ટેક્સ એડવોકેટ તરીકેની પ્રેક્ટિસ દરમિયાન અમારી સામે અવારનવાર એવા કેસ આવતા હોય છે જ્યાં ઇન્કમ ટેક્સ નોટિસ આવવાના કારણે વ્યક્તિએ ખાવા-પીવાનું તથા આરામ છોડી દીધેલ હોય. આજ કારણે કર સમિક્ષા કોલમમાં અવાર નવાર આ લેખ પ્રકાશિત કરવામાં આવતો હોય છે. આ લેખ દ્વારા વાંચક પોતે અમુક વ્યવહારોની ગંભીરતા સમજી આ વ્યવહાર કરવામાં દૂર રહે. એકવાર આ વ્યવહાર થઇ ગયા પછી આ વ્યવહારને અનડન કરી શકાય નહીં. ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક ભૂલો એવી હોય છે જે થઇ જાય પછી તેનો કોઇ ઇલાજ નથી અને આ ભૂલો વ્યક્તિઓ માટે ખૂબ મુશ્કેલ સાબિત થતી હોય છે. આજે આ લેખમાં એવી ભૂલો વિશે સામાન્ય લોકોને માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. ઇન્કમ ટેક્સ હેઠળ અલગ અલગ પ્રકારની નોટિસ આપવામાં આવતી હોય છે પરંતુ આકારણી તથા ફેર આકારણીની નોટિસો ઇન્કમ ટેક્સ અન્વયે સૌથી ગંભીર નોટિસો ગણવામાં આવતી હોય છે. આ આકારણી અને ખાસ કરીને ફેરઆકારણીની નોટિસ સામાન્ય રીતે એવા કરદાતાને આપવામાં આવતી હોય છે જેણે ઇન્કમ ટેક્સ હેઠળ અમુક એવા વ્યવહારો કર્યા છે જે વ્યવહારો અંગેની જાણ નિયત વ્યક્તિ/સંસ્થા દ્વારા ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને કરવી ફરજિયાત હોય છે. આવા વ્યવહાર કર્યા હોય અને જે તે વર્ષનું ઇન્ક ટેક્સ રિટર્ન કરદાતા દ્વારા ભરી આપવામાં આવ્યું હોય તો નોટિસ આવવાની શક્યતા ઓછી રહેતી હોય છે. પરંતુ આ પ્રકારે નિયત વ્યવહાર કર્યા હોવા છતાં તે વર્ષ માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ના આવે ત્યારે ઇન્કમ ટેક્સ હેઠળ આકારણી/ ફેરાકરાણી માટેની નોટિસ કરદાતાને આપવામાં આવતી હોય છે. અગાઉ આકારણી વર્ષના છ વર્ષ સુધી ફેર આકારણી માટેની નોટિસો આપવામાં આવતી હતી. આ સમય મર્યાદામાં સુધારો કરી ૦૧ એપ્રિલ ૨૦૨૧ બાદ આ પ્રકારે ફેર આકારણીની નોટિસ આપવાની સમય મર્યાદા જે તે આકારણી વર્ષથી ત્રણ વર્ષ કરી આપવામાં આવી છે.

ઇન્કમ ટેક્સ આકારણી-ફેર આકારણીની નોટિસથી દૂર રહેવા નીચેના વ્યવહારો વિશે સમજણ મેળવવી ખૂબ જરૂરી છે.

એવા વ્યવહારો જેના કારણે ઇન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છે;

૧. રોકડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમ ના ડ્રાફ્ટ કોઇ પણ બેન્ક ખાતામાંથી નીકાળવામાં આવ્યા હોય. આ ઉપરાંત કોઇ એક ખાતામાં અથવા એક થી વધુ કરંટ એકાઉન્ટમાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરવામાં આવે અથવા રોકડ ઉપાડ કરવામાં આવ્યા હોય.

૨. ૧૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષમાં કરંટ કે ફિક્સ ડિપોઝીટ સિવાયના (એટલેકે સેવિંગ બેન્ક, રિકરિંગ ખાતું વગેરે કોઇ એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં જમા કરવામાં આવી હોય.)

૩. નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઇમ ડિપોઝિટ (ફિક્સ ડિપોઝિટ) કોઇ વ્યક્તિના એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં (બેન્ક/પોસ્ટ ઓફિસ વગેરેમાં) શરૂ કરવામાં આવે.

૪. ક્રેડિટ કાર્ડના બિલની ૧ લાખ કે તેથી વધુની રકમની રોકડમાં ચુકવણી કરવામાં આવે અથવા ક્રેડિટ કાર્ડના બિલની નાણાકીય વર્ષ દરમિયાન ૧૦ લાખ કે તેથી વધુ ચુકવણી કરવામાં આવે.

૫. કોઇ કંપનીના બોન્ડ અથવા ડિબેન્ચર માટે નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ખરીદી માટે ચુકવણી કરવામાં આવે.

૬. કોઇ કંપનીના શેર ખરીદવા માટે નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ચુકવણી કરવામાં આવી.

૭. કોઇપણ વ્યક્તિ પાસેથી કોઇ કંપની પોતાના શેર બાય-બેક કરે જેની ચુકવણી નાણાકીય વર્ષ દરમિયાન ૧૦ લાખ કે તેથી વધુ કરવામાં આવી હોય.

૮. કોઇ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષના ૧૦ લાખ કે તેથી વધુ રકમના મ્યુચ્યુઅલ ફંડની ખરીદી કરવામાં આવી હોય.

૯. કોઇ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ મૂલ્યના ટ્રાવેલર્સ ચેકની ખરીદી કરવામાં આવે અથવા અથવા કોઇ આંતરરાષ્ટ્રીય કાર્ડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવેલ હોય.

૧૦. કોઇ વ્યક્તિ દ્વારા સ્થાવર મિલકતની ખરીદી માટે ૩૦ લાખ કે તેથી વધુ રકમનો અવેજ ચૂકવવામાં આવ્યો હોય અથવા જે તેવી મિલકતની ખરીદી કરેલ હોય જેનું જંત્રીનું મૂલ્ય ૩૦ લાખ કે તેથી વધુ થતું હોય.

૧૧. કોઈ માલ કે સેવા માટે ૨ લાખથી વધુ રકમની ચુકવણી રોકડમાં કરવામાં આવે.

ઉપર જણાવેલ વ્યવહારો કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવે ત્યારે તેને ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છે. મારા અંગત અનુભવ પ્રમાણે ઉપર પૈકી જે વ્યવહારોમાં સૌથી વધુ કરદાતાઓ દ્વારા ભૂલો થતી હોય છે તે વ્યવહારો વિશે વિગતવાર માહિતી આપવા નીચે પ્રયાસ કરવામાં આવ્યો છે.

**બેન્કના ખાતામાં કરાવવામાં આવતી મોટી રકમની ડિપોઝિટ : કરંટ ખાતા**

સામાન્ય રીતે બેન્ક ખાતામાં મોટી રકમ જમા કરાવવાના કારણે અનેક નોટિસ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આપવામાં આવતી હોય છે. કોઈ કરંટ ખાતામાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ જમા કરાવવામાં આવે અથવા ૫૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષ દરમ્યાન ઉપાડ કરવામાં આવે ત્યારે બેન્ક દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને જે તે વ્યક્તિના PAN અને વ્યવહારની માહિતી પૂરી પાડવાની થતી હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોકડ જમા તથા ઉપાડની રકમ એ તેના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઈ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની અમદાવાદ શાખાના પોતાના કરંટ ખાતામાં ૨૫ લાખ જમા કરાવે અને ત્યાર બાદ થોડા દિવસ પછી તે જ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઉનાના કરંટ ખાતા વધુ ૨૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ વ્યવહાર અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને જાણ કરવામાં આવશે.

**ફિક્સ ડિપોઝિટ**

કોઈ વ્યક્તિ નાણાકીય વર્ષ દરમિયાન ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઈમ ડિપોઝિટ (જેને સામાન્ય રીતે ફિક્સ ડિપોઝિટ તરીકે ઓળખવામાં આવે છે) કરાવે ત્યારે આ અંગેની જાણ પણ બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટને કરવામાં આવતી હોય છે. જો કે આ ફિક્સ ડિપોઝિટની રકમની ગણતરી કરવામાં જે ફિક્સ ડિપોઝિટ રિન્યૂ કરવામાં આવી હોય તેનો સમાવેશ કરવામાં આવશે નહીં.

**કરંટ કે ફિક્સ ડિપોઝિટ સિવાયના ખાતા (સેવિંગ ખાતું, રિકરિંગ ડિપોઝિટ ખાતું વિ.)**

કોઈ વ્યક્તિ જ્યારે કરંટ ખાતા, ફિક્સ ડિપોઝિટ ખાતા સિવાયના ખાતામાં એટલે કે સેવિંગ્સ ખાતા જેવા ખાતામાં ૧૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરાવે ત્યારે આ અંગેની માહિતી જે તે બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ ને આપવામાં આવતી હોય છે. આ પ્રકારના ખાતાઓમાં સેવિંગ્સ બેન્ક ખાતું (બચત બેન્ક ખાતું), રિકરિંગ ડિપોઝિટ, કેશ ક્રેડિટ ખાતું (CC ખાતું), લોન ખાતું વગેરેનો સમાવેશ થતો હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોડક જમા રકમ એ તે વ્યક્તિના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઈ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની અમદાવાદ શાખામાં ૫ લાખ જમા કરાવે અને ત્યાર બાદ થોડા દિવસ પછી એ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઉનાના સેવિંગ ખાતા વધુ ૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની આ વ્યવહારાની જાણ કરવામાં આવશે.

**આ પ્રકારના વયવહાર થયેલ હોય તો શું તકેદારી લેવી છે જરૂરી ?**

જ્યાં સુધી શક્ય હોય આ પ્રકારના વ્યવહારથી દૂર રહેવું જરૂરી છે. જો આ પ્રકારે કોઈ વ્યવહાર થયેલ હોય તો જે તે વર્ષ માટે નું ઈન્કમ ટેક્સ રિટર્ન અચૂક ભરી આપવું જોઈએ. આ રિટર્ન ભરવાં માટે કોઈ નિષ્ણાત એડવોકેટ, CA કે ટેક્સ પ્રેક્ટિશનરની સલાહ લેવી ઉપયોગી બને. જો કોઈ જૂના વર્ષ માટે આ પ્રકારે વ્યવહાર થયેલ હોય જેના માટે રિટર્ન ભરવાની સમય મર્યાદા વીતી ગઈ હોય તેવા સંજોગોમાં ટેક્સ પ્રોફેશનલની સલાહ લઈ યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે. જો કે આ પ્રકારના વ્યવહારો કરવામાં આવ્યા હોય અને કરદાતા નિયમિત રીતે પોતાનું આવક વેરા રિટર્ન ભરતા હોય તો તેમને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી આવા વ્યવહારો માટે પણ નોટિસો આવવાની સંભાવના ઓછી રહેતી હોય છે. આમ, આ પ્રકારના વ્યવહાર કરતાં વ્યક્તિઓએ ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવું જરૂરી છે. જે વ્યક્તિ ઈન્કમ ટેક્સ રિટર્ન નથી ભરાતા તેઓના માટે ઉપરની વિગતો અંગેની માહિતી આવા વ્યવહારથી દૂર રહેવું જ હિતાવહ છે. કહેવાય છે ને Prevention is better than Cure!!!

# આવકવેરા કાયદા હેઠળ દરજ્જો કેવી રીતે ગણાય ?

આવકવેરા કાયદા હેઠળ કરદાતાની કરપાત્ર આવક ની ગણતરી તેના દરજ્જા પ્રમાણે ગણવાની હોય છે. આ અંગે કરદાતાએ પાછલા વર્ષ દરમ્યાન આવક ક્યાંથી મેળવી કેટલી મેળવી અને કઇ રીતે મેળવી તેના આ ધારોકે કરવાની હોય છે આવકવેરાની કલમ ૬ પ્રમાણે દરજ્જો જાણવા માટે ત્રણ ભાગ પાડવામાં આવ્યો છે જેની એ પ્રમાણે છે રહીશ

બિન રહીશ

આમાં પણ વ્યક્તિ અને હિન્દુ અવિભક્ત કુટુંબ માટે રહીશ કરદાતા ના પણ બે ભાગ પાડવામાં આવ્યો છે.

૧ રહીશ પણ સામાન્સ રહીશ નહી

૨ સામાન્ય રહીશ

રહીશ જો કોઈ વ્યક્તિ પાછલા વર્ષ માટે નીચે દર્શાવેલ કોઈપણ એક શરતનું પાલન કરે તો તેને પાછલા વર્ષ માટે રહીશ ગણાય.

અ જો તે વ્યક્તિ પાછલા વર્ષ દરમ્યાન કુલ મળતો ઓછામાં ઓછો ૧૮૨ દિવસ કે તેનાથી વધારે સમય માટે ભારતમાં રહેલ હોવો જોઈએ અથવા

(બ) જો તે વ્યક્તિ પાછલા વર્ષ દરમ્યાન ની અગાઉ ના ચાર વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૩૬૫ દિવસ ભારતમાં રહેલ હોય અને પાછલા વર્ષ દરમ્યાન પણ ઓછામાં ઓછા ૬૦ દિવસ ભારતમાં રહેલ હોય તેવી વ્યક્તિ ને રહીશ ગણાય ઉપર જણાવ્યા પ્રમાણે વર્ષમાં ૧૮૨ દિવસ એટલે એવુ જરૂરી નથી કે ૧૮૨ દિવસ સળંગ રહેલ હોવો જોઈએ ટુકડે ટુકડે કુલ ૧૮૨ દિવસ રહેલ હોય તો ચાલે ઉદાહરણ તરીકે શ્રી આ પાછલા વર્ષ દરમ્યાન એપ્રિલ-મે અને જુન મહીના માટે પરદેશ ગયો અને ૧ લી જુલાઇના રોજ પાછો આવ્યો અને ફરી પાછો ૧ લી ઓગષ્ટ થી ૩૦ સપ્ટેમ્બર સુધી પરદેશ ગયો ફરી ૧ લી ઓક્ટોબર ના રોજ ભારત પાછો આવ્યો અમદાવાદમાં ઉત્તરાયણ ઉજવી ૨૦ માર્ચ રોજ પરદેશ ગયો તો પાછલા વર્ષ માટે શ્રી અ નું સ્ટેટસ દરજ્જો ક્યો ગણાય ?

| **પરદેશ** | **ભારતમાં** |
|---|---|
| એપ્રિલ ૩૦ | જુલાઈ ૩૧ |
| મે ૩૧ | ઓક્ટોબર ૩૧ |
| જુન ૩૦ | નવેમ્બર ૩૦ |
| ઓગષ્ટ ૩૧ | ડિસેમ્બર ૩૧ |
| સપ્ટેમ્બર ૩૦ | જાન્યુઆરી ૩૧ |
| | ફેબ્રુઆરી ૨૮ |
| માર્ચ ૧૧ | માર્ચ ૨૦ |
| ૧૬૩ | ૨૦૨ |

શ્રી અ ભારતમાં પાછલા વર્ષ દરમ્યાન ૧૮૨ દિવસથી વધારે રહેલ હોવાથી તેનો દરજ્જો રહીશ ગણાશે

રહીશ પણ સામાન્ય રહીશ નહીં.

જો કોઈ વ્યક્તિ પાછલા વર્ષના અગાઉના દસ વર્ષ માંથી નવ વર્ષ માટે રહીશ રહી હોય અને

જો તે વ્યક્તિ પાછલા વર્ષ આગળના સાત વર્ષ દરમ્યાન કુલ મળીને ઓછામાં ઓછા ૭૩૦ દિવસ ભારતમાં રહેલ હોય તો આવી વ્યક્તિ ને એટલે કે બંને શરતોનું પાલન કરવામાં આવે તો તેને પાછલા વર્ષ માટે રહીશ પણ સામાન્ય રહીશ નહી નો દરજ્જો મળે.

બિન રહીશ જો કોઈ વ્યક્તિ પાછલા વર્ષ દરમ્યાન રહીશની કોઈપણ એક કે વધારે શરતનું પાલન ન કરે તે વ્યક્તિ ને તે વર્ષ માટે બિનરહીશ ગણવામાં આવશે એટલે કે જે વ્યક્તિ રહીશ કે સામાન્ય રહીશ ન હોય તેને બિન રહીશ ગણવામાં આવે છે.

કઈ આવક કરપાત્ર ગણાય ? ઉપર જણાવેલ રહીશ સામાન્ય રહીશ અને બિન રહીશની વ્યાખ્યા જોતા કોની કઈ આવક કરપાત્ર ગણાશે તે નક્કી કરવાનું રહેશે અને જો કરપાત્ર હોય તો તે પાછલા વર્ષમાં આવક ગણવામાં આવશે.

અ રહીશ અને બિન રહીશ ના કેસમાં ફક્ત ભારતમાં મળેલી જ આવક કરપાત્ર ગણાય એટલે કે ભારત બહારથી ઉપજેલ રકમ કરપાત્ર ગણવામાં આવશે નહીં.

૨ સામાન્ય રહીશ વ્યક્તિ હોય તેમણે દુનીયા ભારતમાંથી આવક કમાયેલી હોય એટલે કે ભારત બહારથી આવક કમાયેલી હોય તો તે પણ કરપાત્ર ગણાશે રહીશ અને સામાન્ય રહીશ ના કેસમાં નીચે દર્શાવેલ આવક કરપાત્ર બનશે.

જે આવક ભારતમાં કમાયેલી છે એટલે કે ભારતમાં કરેલ ધંધામાંથી કમાયેલી આવક અથવા ભારતમાં આવેલી મિલકતમાંથી મળેલ આવક અથવા ભારતમાં આવેલ મુડી મિલકતની ટ્રાન્સફર વગેરે આવક કરપાત્ર આવક ગણવામાં આવશે નીચે દર્શાવેલ આવક જે બાબત અસર એટલે કે પરદેશમાં ચુકવવામાં આવેલી ને તે આવક તરીકે ગણવામાં આવશે.

ભારતીય કંપની એ ચુકવેલ ડિવિડન્ડ

ભારતમાં લાવેલ રકમ જેના ઉપર વ્યાજ ચુકવેલ આપણે ઉપર જે ચર્ચા કરી તે ફક્ત વ્યક્તિની આવક ગણવા માટેનો દરજ્જો હવે આપણે વ્યક્તિ સિવાય એચ.યુ.એફ. ભાગીદારી પેઢી અને અન્ય એસોસીએશન ઓફ પર સનના દરજ્જા વાત કરીએ.

હિન્દુ અવિભક કુટુંબ ભાગીદાર પેઢી એ.ઓ.પી. વગેરેના કેસમાં જે વર્ષમાં તેમનો કન્ટ્રોલ અંતે મેનેજમેન્ટ ભારતની બાર થવા લાગે તે વર્ષથી તેમનો દરજ્જો રહીશ તરીકે જ ગણાશે આ જ પ્રમાણે કંપની કરદાતાના કેસમાં પણ તેનો દરજ્જો રહીશ નો ગણાશે સિવાય કે કંપનીનો કંટ્રોલ અને મેનેજમેન્ટ ભારતને બદલે અન્ય દેશમાંથી કરવામાં આવે ટુંકમાં કોઈપણ કરદાતાની આવક ના આધારે કરની ગણતરી કરતા પહેલા તેનો દરજ્જો જાણવો ખુબ જ જરૂરી છે.

---

### રિફંડ માટેના વિલંબીત દાવાને માફ કરી માન્ય રાખવા સંબંધી વિશેષ રાહતકારક જોગવાઈઓ

## આવકવેરા રિફંડ સંબંધી ઉપયોગી માર્ગદર્શન

### કલમ ૨૩૯ હેઠળ આવકવેરા રિફંડ મેળવવા માટે કલમ ૧૩૯ની જોગવાઈઓ અનુસાર આવકવેરા રિટર્ન ફાઈલ કરાયેલું હોવું જોઈએ

કલમ ૨૩૯ અન્વયે આવકવેરા રિફંડનો દાવો કરવા માટે, કલમ ૧૩૯ની જોગવાઈઓ અનુસાર આવકવેરા રિટર્ન ફાઈલ કરેલું હોવું જરૂરી ગણાશે. આ હેતુસર, કરદાતાએ એ લક્ષમાં લેવું જરૂરી ગણાશે  કે સંબંધિત આકારણી વર્ષ માટે તેનું આવકવેરા રિટર્ન, રિટર્ન દાખલ કરવા માટેની કલમ ૧૩૯ હેઠળ નિયત છેલ્લી તારીખ સુધીમાં દાખલ કરવામાં આવે. ઉપરોક્ત સંદર્ભમાં એ ખ્યાલમાં રાખવું મહત્ત્વનું બનશે કે આકારણી વર્ષ ૨૦૨૧-૨૨ થી આવકવેરા રિટર્ન ફાઈલ કરવા માટેની છેલ્લી તારીખ આકારણી વર્ષના અંત પૂર્વે ત્રણ મહિના (અર્થાત ૩૧મી ડિસેમ્બર) નિયત કરવામાં આવી છે.

**વિલંબિત રિફંડના દાવાના કેસમાં શું કરી શકાય !**

સીધા કરવેરા માટેના મધ્યસ્થ બોર્ડ દ્વારા રિફંડ માટેના વિલંબિત દાવાને માફ કરી માન્ય રાખવા (Condonation of delay in filing refund claim) કલમ ૧૧૯(૨) (બી) અન્વયે, વિશેષ રાહતકારક જોગવાઈઓ કરતા પરિપત્રો સમયે સમયે બહાર પાડવામાં આવ્યા છે.

તારીખ ૯ મી જુન ૨૦૧૫ ના સરક્યુલર નં. ૯/૨૦૧૫ અન્વયે કરવામાં આવેલ જોગવાઈઓ જેને ૧ લી જુન ૨૦૨૩ થી સુધારવામાં આવેલ છે. તે અન્વયે રિફંડ માટેના વિલંબીત દાવાને માફ કરી માન્ય રાખવાના હેતુસર નીચે જણાવેલ આવકવેરા સત્તાવાળાઓને નિયત કરાયેલ નાણાકીય મર્યાદાને આધિન યોગ્ય સત્તા આપવામાં આવેલ છે.

* ૫૦ લાખ સુધીના રિફંડના વિલંબિત દાવાને માફ કરવાના હેતુસર કરદાતાએ નિયત અરજી તેના કેસના કાર્યક્ષેત્રમાં આવતા કમિશ્નર કે પ્રિન્સીપલ કમિશ્નર ઓફ ઈન્કમટેક્સ (CIT/PCIT) સમક્ષ કરવાની રહેશે.
* રૂા. ૫૦ લાખ થી વધુ પરંતુ રૂા. ૨ કરોડ સુધીના રિફંડના વિલંબિત દાવાને માફ કરવાના હેતુસર કરદાતાએ નિયત અરજી તેના

કેસના કાર્યક્ષેત્રમાં આવતા ચીફ કમિશ્નર ઓફ ઈન્કમટેક્સ (CCIT) સમક્ષ કરવાની રહેશે.

* રૂા. ૨ કરોડ થી વધુ પરંતુ રૂા. ૩ કરોડ સુધીના રિફંડના વિલંબિત દાવાને માફ કરવાના હેતુસર કરદાતાએ નિયત અરજી તેના કેસના કાર્યક્ષેત્રમાં આવતા પ્રિન્સીપલ ચીફ કમિશ્નર ઓફ ઈન્કમટેક્સ (PCCIT) સમક્ષ કરવાની રહેશે.
* રૂા. ૩ કરોડથી વધુ રિફંડના વિલંબિત દાવાને માફ કરવાના હેતુસર કરદાતાએ નિયત અરજી સીધા કરવેરા માટેના મધ્યસ્થ બોર્ડ (CBDT) સમક્ષ કરવાની રહેશે.

**ક્યા કેસમાં રિફંડ માટેના વિલંબિત દાવા સંબંધી માફીની અરજી કરી શકાય ?**

સીબીડીટીના પરિપત્રમાં કરાયેલ સ્પષ્ટ અનુસાર નીચે જણાવેલ કેસોમાં રિફંડ માટેના વિલંબિત દાવા સંબંધી માફીની અરજી કરી શકાય તેમજ તે સંબંધી નીચે જણાવાયેલ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૧. જો કરદાતાને મળવાપાત્ર આવકવેરા રિફંડ ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ કલેક્ટેડ એટ સોર્સ કે એડવાન્સ ટેક્સની વધુ પડતી કપાત કે ચુકવણી (EXCESS DEDUCTION OR PAYMENT) ના કારણે ઉદ્‌ભવતું હોય.

૨. આવા રિફંડનો દાવો ચાલુ આકારણી વર્ષની અગાઉના ૬ આકારણી વર્ષ દરમ્યાનના સમયગાળા માટેનો હોવો જોઈએ. એની પહેલાના કોઈ આકારણી વર્ષ માટેનો દાવો લક્ષ્યમાં લેવામાં આવશે નહીં.

૩. આવા કરદાતાની આવકવેરાના કાયદા હેઠળ અન્ય કોઈ શખ્સની આવક તરીકે કરપાત્ર ન હોવી જોઈએ.

૪. વિલંબિત રિફંડ માટેના દાવા સંદર્ભમાં કરદાતાને કોઈ વ્યાજ મળી શકશે નહીં.

૫. ઉપરોક્ત હેતુસર કરાયેલ સ્પષ્ટતા અનુસાર સંબંધિત સત્તાધિશ દ્વારા આવા રિફંડની વાસ્તવિકત્તા (GENUINENESS) તેમજ કરદાતાના કેસમાં (GENUINE HARDSHIP) ની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને તે હેતુસર સંબંધિત અકારણી અધિકારી દ્વારા જરૂરી તપાસ કરીને આવા દાવાની યોગ્યતા અંગે જરૂરી રિપોર્ટ મેળવવામાં આવશે.

૬. Application for Condonation ને આવી અરજી મળ્યાથી છ મહિનાની અંદર પ્રોસેસ કરવામાં આવશે.

**કલમ ૨૪૫ હેઠળ રિફંડ સેટ-ઓફ કરવા સંબંધી માર્ગદર્શક સુચનાઓ**

કલમ ૨૪૫ હેઠળ રિફંડ સેટ-ઓફ કરવા સંબંધી સીધા કરવેરા માટેના મધ્યસ્થ બોર્ડે આકારણી અધિકારીઓને નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ આપી છે.

૧. ભવિષ્યમાં ઉભી થનારી કોઈ આવકવેરા જવાબદારી સામે સેટ-ઓફ કરવાના હેતુસર કોઈ રિફંડ અટકાવવામાં આવવું ન જોઈએ. કારણકે કલમ ૨૪૫ નો આશય જ્યારે રિફંડ ઉદ્‌ભવતું હોય ત્યારે પ્રવર્તમાન આવકવેરા જવાબદારી સામે સેટ-ઓફ કરવાનો છે અને નહીં કે ભવિષ્યમાં ઉભી થનારી કોઈ આવકવેરા જવાબદારી સામે જોગવાઈ કરવાનો.

૨. કલમ ૨૪૫ ની જોગવાઈ અનુસાર આકારણી અધિકારી કરદાતાનું રિફંડ તેણે ભરવાપાત્ર કોઈ જવાબદારી સામે સેટ-ઓફ કરવા માંગતા હોય તો તેવા કેસમાં આ સંબંધી દરખાસ્ત ની કરદાતાને લેખીત જાણ કરાવવી જોઈએ. આ કાનુની જોગવાઈનું ચુસ્ત પાલન કરવા માટે રિફંડ એડ્‌જેસ્ટમેન્ટના દરેક કેસમાં આકારણી અધિકારીએ કરદાતાને તેની અચૂક લેખીત જાણ કરવી જોઈએ.

**મોટાભાગના રાજ્યો માટે જીએસટીમાં પરિવર્તન હકારાત્મક રહ્યું છે અને તે સામાન્ય રીતે અપેક્ષાઓ પૂર્ણ કરી રહ્યું છે**

# માલ અને સેવા કરમાં વધુ સુધારાનો સંકેત


૧ જુલાઇ, ૨૦૧૭ ના રોજ માલ અને સેવા કર (જીએસટી) માં એક મોટો કર સુધારો રજૂ કરવામાં આવ્યો હતો. તે એક વ્યાપક, બહુ-તબક્કાવાળો, ગંતવ્ય-આધારિત પરોક્ષ કર છે જેણે અનેક કેન્દ્રીય અને રાજ્ય સ્તરીય કરને બદલ્યા છે અને કેન્દ્રીય એક્સાઇઝ ડ્યૂટી, સેવા કર, કસ્ટમ્સની વધારાની ફરજો (કાઉન્ટરવેલિંગ ડ્યૂટી અને ખાસ વધારાની ફરજ), ચોક્કસ કેન્દ્રીય ઉપકર અને રાજ્ય મૂલ્ય વર્ધિત કર, કેન્દ્રિય વેચાણ કર, પ્રવેશ કર, મનોરંજન કર (સ્થાનિક સંસ્થાઓ સિવાય), ખરીદી કર અને રાજ્યોના લક્ઝરી કર પરના કેન્દ્રીય કર અને ઉપકરના સરચાર્જને સમાવી લીધા છે. જીએસટી લાગુ કરવામાં ૧૭ વર્ષ લાગ્યા. પાંચ વર્ષ માટે દરેક રાજ્ય માટે વ્યાપક કર આધાર પર ઓછામાં ઓછા ૧૪ ટકા વાર્ષિક વૃદ્ધિની કેન્દ્ર સરકારની ગેરંટી દ્વારા તેને સરળ બનાવવામાં આવ્યું હતું. એક રાષ્ટ્ર એક કર પ્રણાલી બનાવવા ઉપરાંત, કરવેરાના કેસ્કેડિંગ પ્રભાવને દૂર કરવા અને દેશભરમાં માલની મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવા ઉપરાંત, રાજ્યોને જીએસટી માં જોડાવાના નિર્ણયને સરળ બનાવનારા બે મહત્વપૂર્ણ પરિબળોમાં કર આધારનો વિસ્તાર અને નિકાસ કરમાં ઘટાડાનો સમાવેશ થાય છે. વધુમાં, એવું માનવામાં આવતું હતું  કે દેશવ્યાપી એકસમાન કરવેરા કર સ્પર્ધામાં પરિણમશે નહીં, રાજ્યોમાં કર/જીએસડીપી ગુણોત્તરનું સુનિશ્ચિત કરશે અને વધુ કરવેરા ઉછાળામાં પરિણમશે.

### મહામારી પછીના સમયગાળાની જીએસટીની કુલ આવકમાં સુધારો

જીએસટી માંથી કુલ આવક ખરેખર નોંધપાત્ર રીતે તેજીમય રહી છે, ખાસ કરીને રોગચાળા પછીના સમયગાળામાં. જીએસટીની કુલ આવક ૨૦૨૦-૨૧ માં રૂા. ૧૪,૮૩,૨૯૧ કરોડથી વધીને ૨૦૨૪-૨૫ માં સરેરાશ વાર્ષિક ૧૮.૧ ટકા દરેક ૨૨,૦૮,૮૫૧ કરોડ થઇ ગઇ. આ સમયગાળા દરમિયાન જીએસટીની આવક જીડીપી ના ૫.૭૩ ટકા થી વધીને ૬.૬૮ ટકા થઇ, જે એકંદરે ૧.૩૩ ટકા ની તેજી આપે છે. આવકમાં તેજીને કારણે સરકારે સપ્ટેમ્બરમાં જીએસટીમાં બીજી પેઢીના સુધારા શરૂ કર્યા છે જેથી ટેક્સ સ્લેબને વધુ સરળ, તર્કસંગત અને ઘટાડી શકાય. બીજી પેઢીના સુધારાઓની આવક અસરના સંદર્ભમાં પરિણામ હજુ સુધી દેખાતું નથી.

રાજ્યોના સ્તરે જીએસટી આવક હવે નિર્ણાયક બની ગઇ છે કારણ કે ગેરેંટી પછીના સમયગાળામાં ઊંચી વૃદ્ધિ રાજકોષીય એકીકરણ અને રાજકોષીય સુધારાઓ પર આશાવાદ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેથી, બે મુદ્દાઓને વધુ સ્પષ્ટતાની જરૂર છે. પ્રથમ, શું રાજ્યોમાં જીએસટી આવક/જીએસડીપીના સંદર્ભમાં એકરૂપતા છે કે નહીં; બીજુ, શું જીએસટી સિસ્ટમ.

તેજસ્વી રહી છે. રોગચાળા પછીના સમયગાળાને ધ્યાનમાં લેતા, આપણે રાજ્ય સ્તરે જીએસટીમાંથી પ્રાપ્ત કુલ આવક (આઇજીએસટી આવક સહિત), છેલ્લા ચાર વર્ષમાં વૃદ્ધિ દર અને રાજ્યોમાં આ આવકની તેજી જોઇએ છીએ. રાજ્યોમાં જીએસટી (ગોઠવણ અને ટ્રાન્સફર પછી) આખરે એકત્ર થવાને બદલે, અમે જીએસટી કાઉન્સિલ દ્વારા પૂરા પાડવામાં આવેલા રાજ્ય સ્તરે કુલ સંગ્રહ અને ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ સુધીના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના જીએસડીપી ડેટાનો ઉપયોગ કરીને રાજ્યોની અપેક્ષાઓ કેટલી હદે પૂર્ણ થઇ છે તે જોયું છે.




### ૧૦ રાજ્યો માટે ગુણોત્તર સરેરાસ ૪.૮ ટકાથી વધુ થઇ ગયું

અપેક્ષાઓથી વિપરીત, રાજ્યોમાં જીએસટી મહેસૂલ/જીએસડીપી અલગ અલગ છે. ત્રિપુરા, મિઝોરમ, મણિપુર અને નાગાલેન્ડ માટે ૨ ટકા થી ઓછા નીચા દરથી, સિક્કિમ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને હીરયાણા માટે તે ૭ ટકાથી વધુ થઇ ગયું છે. ખનિજ સમૃદ્ધ ઓડિશા, છત્તિસગઢ અને ઝારખંડ સહિત ૧૦ રાજ્યો માટે આ ગુણોત્તર સરેરાશ ૪.૮ ટકા થી વધુ થઇ ગયો છે. ગુણોત્તરનું સંકલન ધ્યાનમાં

લેવામાં આવ્યું હતું કારણ કે અંતિમ મુકામ પર વપરાશમાં લેવાયેલા તમામ માલ અને સેવાઓને જીએસટીમાં ધ્યાનમાં લેવામાં આવ્યા હતા, અને જીએસડીપી વપરાશ માટે પરંપરાગત પ્રોક્સી હતો. જીએસટી મહેસૂલ/જીએસડીપી ગુણોત્તર આવકના સ્તર અથવા મૂળ આવકની પ્રકૃતિ સાથે ખૂબ જ ઓછો સંબંધ ધરાવે છે. ઉત્તર પ્રદેશની સરખામણીમાં બિહારમાં આવકનો ગુણોત્તર ખૂબ જ ઓછો છે. ગુજરાત, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, તેલંગાણા આ બધા સારા રાજ્યોની ગુણોત્તર ઓડિશા અને ઝારખંડ કરતા ઓછો જોવા મળે છે.

## જીએસટી આવકનો વાર્ષિક ૧૪ ટકાથી વધુ જીએસડીપીનો સરેરાશ ૧૪.૨ ટકા વૃદ્ધિદર

જો આપણે જીએસટી વસૂલાતની માથાદીઠ ખાનગી વપરાશ સાથે સરખામણી કરીએ, તો પણ સહસંબંધ બહુ ઊંચો નથી. સદનસીબે, મોટાભાગના રાજ્યોમાં જીએસટી આવકનો વાર્ષિક વૃદ્ધિદર ૧૪ ટકા થી વધુ છે, જ્યારે બધા રાજ્યો માટે એકંદર વૃદ્ધિદર ૧૭.૮ ટકા છે. જીએસડીપી વૃદ્ધિદર સરેરાશ ૧૪.૨ ટકા છે, જેએસટી આવકનો ઉછાળો ૧.૨૫ ની આસપાસ છે, જોકે રાષ્ટ્રીય સ્તરે આવકના ઉછાળા કરતા થોડો ઓછો છે (રાષ્ટ્રીય સ્તરે જીએસટીમાં આઇ જીએસટી અને આયાત પર સેસ પણ સામેલ છે), જે આંશિક રીતે ૧૩.૬ ની નીચે જીડીપી વૃદ્ધિદર સાથે સંબંધિત છે, જે ૬૪ બેસિસ પોઇન્ટ ઓછો છે. અમે માનીએ છીએ કે આવકના નુકસાન માટે જીએસટી ૨.૦ હેઠળ વળતરનો કોઇ કેસ હોઇ શકતો નથી.

## ઉત્તરપૂર્વમાં જીએસટી આવકનો જીએસડીપી સાથેનો ગુણોત્તર ઓછો

જોકે, આંતરરાજ્ય ભિન્નતાઓ છે. હિમાચલ પ્રદેશમાં જીએસટી આવક વૃદ્ધિ લગભગ ૧૦ ટકા રહી છે, જ્યારે ગોવા, મહારાષ્ટ્ર અને હરિયાણામાં ૨૧ ટકા થી વધુનો ઉચ્ચતમ દર છે. જીએસડીપી વૃદ્ધિમાં પણ આવું જ છે, જે અરૂણાચલ પ્રદેશમાં ૧૦ ટકા થી ઓછી અને બિહાર, કર્ણાટક, મેઘાલય, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને આસામમાં ૧૫ ટકા થી વધુ છે. આસામમાં જીએસટી આવકમાં ઉછાળો ૧ ટકાથી ઓછો હતો (જોકે જીએસટી વસૂલાતમાં ૧૪ ટકા થી વધુનો વધારો થયો છે), મેઘાલય, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ અને ત્રિપુરામાં. સિક્કિમ સિવાય ઉત્તરપૂર્વમાં જીએસટી આવકનો જીએસડીપી સાથેનો ગુણોત્તર ઓછો હતો અને કરમાં ઉછાળો ઓછો હતો. એકંદરે, મોટાભાગના રાજ્યો માટે જીએસટી તરફનું પરિવર્તન સકારાત્મક રહ્યું છે અને અપેક્ષાઓ સામાન્ય રીતે પૂર્ણ થઇ છે. આ વધુ સુધારા અને ઓછા દરો તરફ આગળ વધવાનો સંકેત છે.

## રાજ્યોની સરેરાશ મહેસૂલ પ્રાપ્તિ ગુણોત્તરમાં સુધારો

લીકેજ ઘટાડવા, મુકદ્દમા ઘટાડવા, પારદર્શિતા અને પૂર્વનિર્ધારણ ક્ષમતાને સરળ બનાવવા અને સાંકળના તમામ વિભાગોમાં વ્યવહાર ખર્ચ ઘટાડવા માટે ટેકનોલોજીની વ્યાપક ઉપયોગ કરવાની વધુ જરૂર છે. જોકે, જે રાજ્યો તમામ રાજ્યોની સરેરાશ કરતા નીચે છે તેમના માટે મહેસૂલ પ્રાપ્તિ/જીએસડીપી ગુણોત્તરમાં સુધારો કરવાની જરૂર છે. રાજ્ય-વિશિષ્ટ કારણો છે જેને સંબોધિત કરવાની જરૂર છે.

**જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા** SPREE **સ્કીમ તથા** ESIC અંગે એક માર્ગદર્શન સેમિનાર તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ ને શનિવારના રોજ યોજાયેલ હતો.
આ સેમિનારમાં **અમદાવાદ સ્થિત** ESIC **ના રીજીયોનલ ડાયરેક્ટરશ્રી હેમંતકુમાર પાંડે,** ખાસ ઉપસ્થિત રહેલ હતા. તેમની સાથે **આસી. ડાયરેક્ટર, પી.આર. બ્રાન્ચ** ESIC **ગુજરાતના શ્રી ભારત ભુષણ** તથા સામાજીક સુરક્ષા અધિકારી **શ્રી અમર ગંડેચા** ઉપસ્થિત રહેલ હતા. તે પ્રસંગની તસ્વીરો











**જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી** દ્વારા **૭૮ વિધાનસભા ના ધારાસભ્ય શ્રી રિવાબા આર. જાડેજા ગુજરાતના મંત્રીમંડળના વિસ્તરણમાં રાજ્ય કક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ખાતા ના મંત્રીશ્રી**
તરીકે પદભાર સંભાળતા તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૫ ને શનિવારના રોજ

**શ્રીમતિ રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા** ગુજરાતના મંત્રીમંડળના વિસ્તરણમાં રાજ્ય કક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ખાતા ના મંત્રીશ્રી ને સન્માનવાનો એક કાર્યક્રમ ચેમ્બરની કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, સંસ્થાના પૂર્વ પ્રમુખશ્રી તથા સંસ્થાના સંલગ્ન સર્વે એસોસીએશન્સ ના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો. તે પ્રસંગની તસ્વીરો










***Mr. Neeraj Chhapia,*** *a visionary entrepreneur from Jamnagar, India, holds the distinct honor of hoisting the Indian national flag in an industrial setting in Germany — a moment that symbolizes immense pride and patriotism. He is celebrated as the first Indian industrialist to receive this prestigious opportunity.*










સાંજ સમાચાર (?) — તા. 03-01-2020


# ...અને એક જામનગરીએ જર્મનીમાં તિરંગો લહેરાવ્યો...

4 STAR ACCREDITATION

7 SEASONS
RESORT & SPA

# EVERY CELEBRATION, ELEVATED. CHERISHED.

Jamnagar's Most Celebrated
Wedding Destination.






We're honored with:

**BEST WEDDING VENUE OF JAMNAGAR**
**BEST SPA IN JAMNAGAR**
**BEST BUSINESS HOTEL IN JAMNAGAR**

Received **in the gracious presence of the Hon'ble CM & Deputy CM**, this recognition from **Tourism Awards 2025** motivates us to raise the bar even higher.

THINK TANK CONREAL

**7069088803 / 22 / 29**

7 Seasons Resort & Spa, Lakhabavad, Dwarika Highway, Jamnagar

Estd. 1971

જામનગર જિલ્લાની અગ્રગણ્ય સહકારી બેંક

# ધી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી.

PROUDLY CO-OPERATIVE

International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

## જામનગર જિલ્લાની જનતા તથા વેપારીઓ માટે આકર્ષક વ્યાજ દરો

**હાઈપોથીકેશન / સી.સી**




રૂા. ૨૫ લાખ સુધી
**૮.૫૦%**

**હાઉસીંગ લોન**




રૂા. ૧૪૦ લાખ સુધી
**૮.૦૦%**

**મોટરકાર**




રૂા. ૨૫ લાખ સુધી
**૮.૨૫%**

રૂા. ૩૫ લાખ સુધી
**૮.૫૦%**

## આધુનિક બેંકીંગ સેવાઓ

આર.ટી.જી.એસ. | એન.ઈ.એફ.ટી. | યુ. પી. આઈ. | મોબાઈલ બેંકીંગ
રૂ પે ડેબીટ કાર્ડ | લોકર સુવિધા | એસ. એમ. એસ. એલર્ટ | ઈ. મેન્ડેટ

અમારું ધ્યેય સારી ગ્રાહક સેવા

### બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

**શ્રી પ્રવિણચંદ્ર વી. ચોટાઈ** — ચેરમેન
**ડૉ. બીપીનચંદ્ર ટી. વાઘર** — ચેરમેન (ઈન્ચાર્જ
**શ્રી વિજયભાઈ કે. સંઘવી** — વાઈસ ચેરમેન

### ડાયરેક્ટરશ્રીઓ

શ્રી જીતેન્દ્રકુમાર એસ. શાહ
શ્રી જયંતીલાલ એસ. ચંદરીયા
શ્રી કેતનકુમાર એન. માટલીયા
શ્રી જીતેન્દ્ર એચ. લાલ
શ્રી વિઠ્ઠલદાસ આર. માંકડીયા
શ્રી પરિમલભાઈ બી. વાઘર
શ્રી મનીષભાઈ વી. ચોટાઈ
શ્રીમતિ અસ્મીતાબેન એચ. શાહ
શ્રીમતિ નિશાબેન પી. શાહ
શ્રી જમનાદાસ એસ. શીયાણી
શ્રી કિશોરભાઈ એન. દત્તાણી

**શ્રી વિવેકભાઈ એ. ગાંધી** — પ્રોફે. ડાયરેક્ટર
**શ્રી ધવલભાઈ કે. શાહ** — પ્રોફે. ડાયરેક્ટર
**શ્રી સુરેશભાઈ ડી. રાયઠ્ઠા** — જનરલ મેનેજર અને સી.ઈ.ઓ.

### બોર્ડ ઓફ મેનેજમેન્ટ

શ્રી ભાવિનભાઈ એસ. કામદાર
શ્રીમતિ ખુશ્બુબેન આર. ઠક્કર
શ્રી જયંતીલાલ પી. ઝાખરીયા
શ્રી તુષારભાઈ વી. રામાણી

રજીસ્ટર્ડ/એડમીનીસ્ટ્રેટીવ ઓફીસ
કક્ષે માળે અંજારીયા ચેમ્બર્સ કાશી વિશ્વનાથ રોડ, જામનગર ૩૬૧૦૦૧
ફોનઃ (૦૨૮૮) ૨૫૧૦૫૦૫ - ૨૫૫૦૨૯૦ - ૨૫૫૪૧૭૫



**WE MAKE MOVES, SMOOTH**

**Since 1995**

**30 Years** Experience in handling of all types of ferrous & non ferrous metals and metal scraps, like Brass, Aluminium, Copper, Zinc, Stainless Steel, Cast Iron, HMS etc...

We Make Moves, Smooth
Since 1995

# UNIQUE
## SPEDITORER PVT. LTD.

CUSTOMS BROKER, FORWARDING
SHIPPING AGENTS, STEVEDORING
PROJECT HANDLING, CUSTOMS BONDED &
NON-BONDED WAREHOUSE OWNER



# USPL INDIA

VELOCITY® GLOBAL LOGISTICS

**VELOCITY GLOBAL LOGISTICS PVT. LTD.**

Global Freight Forwarders, Charters, Project Handling

REGD. OFFICE
1701, 17th Floor, Meraki Arena, Opp R.K. Studio,
Above Croma Store, Sion Trombay Road, Chembur,
Mumbai-400071. Tel : +91-22-69596300/304
PIC : Mr. Priyesh (M) +91 9819583283
Mr. Pragnesh (M) +91 9819333963
www.velocitygl.com



## REGISTERED / HEAD OFFICE

"UNIQUE HOUSE" Plot # 126, Sector # 1-A, Gandhidham (Kachchh) 370201, Gujarat.
Tel. : 02836- 237109 / 220180 / 228615 Mob. : +91-98250 23391 / +91 98252 11811
E-mail: pravin@usplindia.com / info@uniquegroupindia.com I www.usplindia.com

**Our Presence**

KANDLA PORT | MUNDRA PORT | ICD MORBI | AHMEDABAD (ICD SANAND, ICD KHODIYAR, ICD SACHANA, ICD VIRAMGAM, AIRPORT) | PIPAVAV PORT | VADODARA (ICD VARNAMA) | HAZIRA PORT | MUMBAI (NHAVA SHEVA, AIRPORT)
OVERSEAS OFFICE : CHINA, SPAIN, TURKEY


"આપનો સહકાર અમારી સેવા"
આપણી બેંક નવાનગર બેંક
THE NAWANAGAR CO-OPERATIVE BANK LTD. - JAMNAGAR
"Trusted Banking Partner"
PROUDLY CO-OPERATIVE
Home Loan (0.5% Rebate for Regular Payers)
Solar & Windmills Loan
Car Loan at Attractive Rates
Attractive Rates Of Fixed Deposits
2025 International Year of Cooperatives
MSME LOAN HUB
• 24 x 7 x 365 NEFT/IMPS Transfers
• Utility Bill Payments via BBPS
• Email Statements available
• UPI for Quick & Easy Payments
• Free RuPay Debit Cards
• Tap & Pay at any POS Terminals
All Digital Banking Services are FREE to use...
Want to know your account Balance ?
Give a Missed Call on
70690 70900
Download our Mobile Banking App 'Nawanagar Bank Mobile Banking'
Available on
Google Play
App Store
For more details, contact your nearest Nawanagar Bank Branch or Visit 'www.nawanagarbank.co.in
Shri Pradip K. Vadhar
Chairmen
Shri Chetan V. Khattar
Vice Chairman


મારે કેટલી રકમ ની બચત કઈ
જગ્યા એ કરવી જોઈએ ?
શેર
ઇક્વીટી %
લાઇફ
ઇન્સ્યુરસ %
મ્યુચ્યુઅલ
ફંડ %
100 %
સોનું, ચાંદી /
કીમતી ધાતુ %
બોન્ડસ %
મેડી કલેમ્સ
%
બેંક એફ. ડી
%
LIFE PLUS+
ASSOCIATES LLP
AMFI Registered Mutual Fund Distributor
CHIRAG PORECHA

# GSTની કલમ ૧૫૮ અને RTI ની કલમ ૮ તથા ૧૧ ને સાંકળીને મુંબઈ હાઈકોર્ટના મહત્વના ચુકાદાની વિગતો

આપણે જાણીએ છીએ કે GST ના નોંધાયેલ વેપારીએ કરેલ ધંધાકીય વ્યવહારોની જેવી કે માલ/સેવાના ખરીદ-વેચાણ, ITC, ભરવાપાત્ર વેરો, વગેરેની વિગતો માસિક કે ત્રિમાસિક ધોરણે સેલ્ફ એસેસ કરીને પત્રક સ્વરૂપે ફાઇલ કરીને સરકારને જણાવવાની હોય છે. શું આ પત્રક જાહેર દસ્તાવેજ ગણાય કે ન ગણાય? તે અંગેનો મહત્વનો ચુકાદો તાજેતરમાં નામદાર મુંબઇ હાઇકોર્ટે Adarsh vs The State of Maharashtra & Others, Writ Petition No. 11135 of 2025 ના કેસમાં તા : Oct. 14, 2025 ના રોજ આપેલ છે.

વિગતો : આ કેસમાં અરજદાર દ્વારા જાહેર માહિતી અધિકારી સમક્ષ તારીખ ૧૩.૦૨.૨૦૨૩ ના રોજ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઇઓ મુજબ કુલ છ વેપારીઓની વર્ષ ૨૦૦૮ થી ૨૦૨૩ સુધીની વેટ અને જીએસટીના પત્રકોની વિગતો માંગવા માટે અરજી કરવામાં આવેલ હતી. માહિતી માંગવાના અનુસંધાને સંબંધિત જાહેર માહિતી અધિકારી દ્વારા જાહેર માહિતી અધિકાર અધિનિયમની કલમ ૧૧ હેઠળ ત્રાહિત પક્ષની માહિતીના અનુસંધાને આ છ વેપારી પેઢીઓને પૂછવામાં આવેલ કે આપની પત્રકોને લગતી માહિતી અરજદારને પૂરી પાડવી કે કેમ ? આ છ વેપારીઓએ તે વિગતો અરજદારને પૂરી પાડવાની ના પાડેલ હતી. તેથી સંબંધિત જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારની અરજી નકારવામાં આવેલ હતી. અરજદારે માહિતી અધિકારી અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૯(૩) હેઠળ પ્રથમ અપીલ ફાઇલ કરેલ હતી. જે પણ રિજેક્ટ થયેલ. ત્યારબાદ તેઓશ્રીએ રાજ્ય માહિતી આયોગ સમક્ષ દ્વિતીય અપીલ ફાઇલ કરેલ. જે પણ રિજેક્ટ થયેલ હતી અને તેથી તેઓશ્રીએ નામદાર મુંબઇ હાઇકોર્ટ સમક્ષ રીટ પીટીશન કરેલ અને જાહેર માહિતી અધિકારી, પ્રથમ અપીલ અધિકારી અને રાજ્ય માહિતી આયોગના આદેશોને પડકારેલ.




રજૂઆત : નામદાર મુંબઇ હાઇકોર્ટ સમક્ષ પીટીશનર દ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ કે આ તમામ છ વેપારી પેઢીઓ મહારાષ્ટ્ર રાજ્ય સરકાર સાથે કામ કરે છે અને દસ્તાવેજમાં ચેડાં કરીને તેઓએ ટેન્ડર મેળવેલ છે અને મોટાપાયે જાહેર નાણાંની ગેરરીતિ કરેલ છે તેથી અમોને આ માહિતી મળવી જોઇએ કારણ કે તેમાં જાહેર હિત સમાયેલું છે. આ કેસમાં ખરેખર તો જાહેર માહિતી અધિકારીશ્રીએ સંબંધિત વેપારીઓને પૂછવાની જરૂર ન હતી અને સીધેસીધી અરજદારને માહિતી આપવાની થતી હતી.

અરજદારના વકીલ દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી કે વેટ અને જીએસટીના પત્રકો, એ જાહેર દસ્તાવજો છે અને તે ખાનગી ગણીને કોઇને પુરા ન પાડવાનો નિર્ણય ન લઇ શકાય. નામદાર મુંબઇ હાઇકોર્ટે ચુકાદા દરમિયાન નામદાર સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચના Central Publice Information Officer, Supreme Court of India V/s. Subhash Chandra Agarwal< (2020) 5 SSC 481 ના ચુકાદાની ચર્ચા કરેલ અને જણાવેલ કે નામદાર સુપ્રીમ કોર્ટ મુજબ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ને કલમ ૮(૧)(i) મુજબ ત્રાહિત પક્ષની માહિતી આપતા પહેલા તેની કલમ ૧૧ ની જોગવાઇઓનું પાલન કરવું જરૂરી છે. કલમ ૧૧(૧) ના પરંતુ મુજબ જ્યારે ત્રાહિત પક્ષની દ્રષ્ટિએ માહિતી ગુપ્ત હોય પરંતુ જાહેર હિત વધી જતું હોય ત્યારે માહિતી આપવાનું વિચારી શકાય. નામદાર મુંબઇ હાઇકોર્ટ દ્વારા જીએસટીની કલમ ૧૫૮ ની પણ છણાવટ કરવામાં આવેલ છે અને જણાવેલ છે કે આરટીઆઇની કલમ ૮(૧)(i) અને જીએસટીની કલમ ૧૫૮ એક સાથે વાંચતા જણાય છે કે કોઇપણ વેપારીની અંગત માહિતી કે જેનાથી કોઇ જાહેર હિતનો ઉદ્દેશ પૂર્ણ ના થતો હોય તેવી માહિતી આપી ન શકાય.

જીએસટીનો કાયદો, એ એક વિશેષ પ્રકારનો કાયદો છે અને તે માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ પછી અસ્તિત્વમાં આવ્યો છે અને કલમ ૧૫૮ મુજબ આવી માહિતી આરટીઆઇ હેઠળ આપી ન શકાય તેથી અરજદારની આ પિટીશન ડિસમિસ કરવામાં આવે છે.

**RTI ની જોગવાઇ :** જાહેર માહિતી અધિકારી માહિતી આપવાનું અમુક જ કારણોસર નકારી શકે છે જેમ કે RTI ની કલમ ૮ હેઠળ

જ્યારે માહિતી આપવાથી

- દેશની સુરક્ષાને નુકશાન થતું હોય,
- કોઈ અપરાધ થવાની શક્યતા હોય,
- અદાલત દ્વારા મનાઈ કરવામાં આવી હોય,
- કોઈના જીવનને ખતરો હોય,
- અપરાધ સંબંધી તપાસમાં મુશ્કેલી ઊભી થાય કે,
- વ્યક્તિગત માહિતી હોય,
- રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ સંબંધિત માહિતી,
- જાહેર હિત સાથે સંબંધિત નથી,
- વેપાર રહસ્યો અને બૌદ્ધિક સંપત્તિ સંબંધિત માહિતી

કલમ ૧૧ : માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૧(૧) : જ્યારે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા રાજ્ય જાહેર માહિતી અધિકારી, જે તે કિસ્સામાં આ કાયદા હેઠળ કરાયેલી વિનંતી ઉપર કોઇ માહિતી કે રેકર્ડ અથવા તેનો કોઇ ભાગ જાહેર કરવાની ઇચ્છા ધરાવે, જે ત્રાહિત પક્ષકાર દ્વારા પુરો પાડવામાં આવ્યો હોય તેને સંબંધિત હોય અને ત્રાહિત પક્ષકાર દ્વારા તેને ગુપ્ત તરીકે ગણવામાં આવ્યો હોય ત્યારે કેન્દ્રીય જાહેર માહિતી અધિકારી અથવા રાજ્ય જાહેર માહિતી અધિકારી, જે તે કિસ્સામાં વિનંતીની રસીદથી પાંચ દિવસમાં વિનંતીના આ ત્રાહિત પક્ષકારને લેખિત નોટિસ આપશે અને એ હકીકત જણાવશે કે કેન્દ્રીય જાહરે માહિતી અધિકારી અથવા રાજ્ય જાહેર માહિતી અધિકારી, જે તે કિસ્સામાં માહિતી કે રેકર્ડ અથવા તેના ભાગને જાહેર કરવા ઇચ્છે છે અને આ માહિતીને જાહેર કરી શકાય કે કેમ તેના સંદર્ભે લેખિતમાં કે મૌખિક પણે રજૂઆત કરવા ત્રાહિત પક્ષકારને આમંત્રણ આપે છે તથા માહિતી જાહેર કરવાનો નિર્ણય લેતી વખતે ત્રાહિત પક્ષકારની આ રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે.

એવી જોગવાઇ કરી છે કે કાયદા દ્વારા સુરક્ષિત વ્યાપાર કે વાણિજ્ય રહસ્યોના કિસ્સા સિવાય આવા ત્રાહિત પક્ષકારના હિતોને કોઇ નુકસાન કે હાનિ પહોંચાડવા કરતા જાહેરતના લીધે મહત્વ વધી જાય તો જાહેરાતને મંજૂરી આપી શકાય છે.

ઇન્કમટેક્સના રિટર્નને લગતા અગાઉના બે ચુકાદાની વિગતો નીચે મુજબ છે :

(૧) મનીષકુમાર વિરૂદ્ધ જાહેર માહિતી અધિકારી, WP2234/2010 તારીખ ૭.૪.૨૦૧૦ દિલ્હી હાઇકોર્ટ ચુકાદામાં જણાવ્યા મુજબ વ્યક્તિની આવક અંગેના રિટર્ન અથવા સંપત્તિની ફાઇલો ઇન્કમટેક્સ કાયદા મુજબ તેમજ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ મુજબ વ્યક્તિની અંગત માહિતી ગણાય.

(૨) ગિરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂદ્ધ કેન્દ્રિય માહિતી આયોગ અને બીજાઓ, એસએલપી નંબર ૨૭૭૩૪ ઓફ ૨૦૧૨ તારીખ ૩.૧૦.૨૦૧૨, સુપ્રીમ કોર્ટ, જાહેર સેવકને અપાયેલ યાદી, ઠપકો, કારણદર્શક નોટિસ, ચાર્જશીટ તેમને કરવામાં આવેલ સજા, તેમના ઇન્કમટેક્સ રિટર્ન તેમના રિટર્ન ઓફ એસેટ તેમણે કરેલા ઇન્વેસ્ટમેન્ટ, વગેરે તેમની માહિતી અંગત માહિતી હોઇ કલમ ૮(૧)(i) મુજબ આપી શકાય નહીં.

GST Section 158 - Disclosure of information by a public servant.

(1) All particulars contained in any statement made, return furnished or accounts or documents produced in accordande with this Act, or in any record of evidence given in the course of any proceedings under this Act (other than proceedings before a criminal court), or in any record of any proceedings under this Act shall, save as provided in sub-section (3), not be dosclosed.

પેટા કલમ ૩ માં ફોજદારી કાર્યવાહી દરમિયાન કે ભ્રષ્ટાચારને લગતી કાર્યવાહી દરમિયાન અથવા ઓડિટના હેતુસર, ખાતાકીય તપાસ અને સલાહકાર વિરૂદ્ધ કાર્યવાહી માટે આ માહિતી આપી શકાશે તેવું જણાવવામાં આવેલ છે.

અન્ય: ઉક્ત ચુકાદા સિવાયની વધારાની માહિતી તરીકે જાણી લઇએ કે જો કે તારીખ ૧/૧૦/૨૦૨૩ થી અમલી એવી જીએસટી કાયદામાં નવી કલમ ૧૫૮એ દાખલ કરવામાં આવેલ છે. Section 158A - Consent based sharing of information furnished by taxable person. આમ, તેની જોગવાઇ પણ માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઇઓને સુસંગત હોય તેમ જણાય છે.

**જાહેર માહિતી અધિકારી માહિતી આપવાનું અમુક જ કારણોસર નકારી શકે છે જેમ કે RTI ની કલમ ૮ હેઠળ જ્યારે માહિતી આપવાથી દેશની સુરક્ષાને નુકશાન થતું હોય**

# 'ઝીરો રેટેડ સપ્લાય' ના રિફંડના વિવાદોનો અંત ક્યારે ?

એક્સપોર્ટ થવાથી દેશને હૂંડિયામણની કમાણી થાય છે, અને દેશની કરન્સીનો ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચો આવે છે. એક્સપોર્ટમાં વધારો થવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં આપણી કિંમત અને વજન વધે છે, કારણકે અન્ય દેશોનો આપણા દેશમાંથી નિકાસ થતાં માલ ઉપરનો આધાર વધે છે. નિકાસમાં વધારો થવાથી આપણા દેશમાં ધંધા-વ્યાપાર રોજગારીમાં વધારો થાય છે અને આપણી સવાજ વ્યવસ્થા તથા ઇકોનોમીમાં પણ સ્થિરતા આવે છે. આવા સામાજિક અને આર્થિક કારણોસર આપણાં દેશની દરેક સરકારો દ્વારા નિકાસ વધારવાની અને નિકાસકર્તાઓને સગવડો આપવાની પોલિસી રહી છે. આપણાં બંધારણમાં પણ પોલિસી છે કે દેશની અંદરના વ્યવહારો પર વસૂલાતા કરનો બોજ નિકાસના વ્યવહારો પર લાદવાનો નથી, કારણ કે દેશમાં ઉત્પાદિત માલ કે સેવાની નિકાસ સાથે દેશની અંદરના કરનો પણ નિકાસ કરવાનો નથી. સ્થાનિક કરવેરાનો નિકાસ એ અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ પણ અયોગ્ય ગણાય છે. આ કારણોસર જી.એસ.ટી. ના કાયદામાં પણ નિકાસ થયેલાં માલ/સેવા પર ભરાયેલ કર અને નિકાસ થતાં માલ/સેવાના ઉત્પાદનમાં વપરાયેલ ઇનપુટ/ઇનપુટ સર્વિસ પર ભરાયેલા કરનું રિફંડ આપવાની જોગવાઇઓ છે, જેથી સ્થાનિક કરવેરાનું એક્સપોર્ટ અટકાવી શકાય, અને નિકાસ કરનાર વ્યાપારી આંતરરાષ્ટ્રીય બજારમાં સસ્તા ભાવે વેચાણ કરી શકે, જેથી આપણાં દેશમાં બનેલા માલનું એક્સપોર્ટ વધે અને આંતરરાષ્ટ્રીય બજારમાં આપણા વ્યાપારીને કરવેરા લાદવાથી થતાં ભાવવધારાની મુશ્કેલીઓમાંથી રાહત મળે. પરંતુ આ લાભ સરકાર પાસેથી મેળવવામાં થતી મુશ્કેલી અને વિવાદોનો અંત જી.એસ.ટી. ના કાયદાના આઠ વર્ષનાં અમલ પછી પણ આવતો નથી.

### નિયમ ૮૯(૪) ની જોગવાઇ

જી.એસ.ટી. ના કાયદા હેઠળ ટેક્સ, વ્યાજ, પેનલ્ટી (દંડ), ફી અથવા કોઇ પણ અન્ય રકમના રિફંડ માટે નિયમ ૮૯ હેઠળ અરજી કરવાની રહે છે. નિયમ ૮૯એ રિફંડની અરજી માટેની પ્રોસિજર, રિફંડ અરજીનું ફોર્મેટ, અરજી સાથે ક્યાં કાગળો અને દસ્તાવેજો રજૂ કરવાનાં છે, વગેરે બાબતો માટેનો નિયમ છે. ઝીરો રેટેડ સપ્લાય અંગેના રિફંડની જોગવાઇ નિયમ ૮૯(૪) હેઠળ કરવામાં આવેલ છે. આ નિયમાનુસાર જ્યારે ઝીરો રેટેડ સપ્લાય બોન્ડ અથવા એલ.યુ.ટી. હેઠળ કરવામાં આવ્યો હોય (એટલે કે આવા સપ્લાય ઉપર ટેક્સ ભરાયો ન હોય) ત્યારે આઇ.જી.એસ.ટી. એક્ટની કલમ ૧૬ હેડળનું રિફંડ આ નિયમ, એટલે કે રૂલ ૮૯(૪), હેઠળની ફોર્મ્યુલા પ્રમાણે આપવામાં આવશે. આ ફોર્મ્યુલા પ્રમાણે રિફંડની રકમની ગણતરી માટે ઝીરો રેટેડ સપ્લાયની કિંમત/રકમ, કુલ આઇ.ટી.સી. વગેરેના આંકડા લક્ષમાં લઇ જે તે સમય દરમિયાન થયેલાં ઝીરો રેટેડ સપ્લાય (એટલે કે 'એક્સપોર્ટ') માટે વપરાયેલા ઇનપુટ અને ઇનપુટ સર્વિસ પરની ક્રેડિટની ગણતરી કરવામાં આવે છે, અને આ પ્રકારે proportionate આઇ.ટી.સી. ની રકમ કાઢી તેનું રિફંડ આપવામાં આવે છે.

### નિયમ ૮૪(૪એ) અને ૮૯(૪બી) ની જોગવાઇઓ

નિયમ ૮૯(૪) હેઠળ ફોર્મ્યુલા આપી આ નિયમાનુસાર ઝીરો રેટેડ સપ્લાય બાબતે રિફંડની જોગવાઇ બાબતે નિયમ ૮૯(૪એ) અને ૮૯(૪બી) હેઠળ એવી ચોખવટ કરવામાં આવેલ છે કે ઝીરો રેટેડ સપ્લાય માટે જો કોઇ પણ ઇનપુટના વ્યવહારો કરમુક્તિ હેઠળ કરવામાં આવ્યાં હોય તો આ પ્રકારે કરમુક્તિ હેઠળ મેળવવામાં આવેલા ઇનપુટ/સર્વિસની આઇ.ટી.સી.નું રિફંડ મળશે નહીં. નિયમ ૮૯ (૪એ) અને (૪બી) હેઠળ એવી પણ ચોખવટ છે કે કરમુક્તિ સિવાયનાં ઇનપુટ/સર્વિસના વ્યવહારોની આઇ.ટી.સી.નું રિફંડ ઝીરો રેટેડ સપ્લાયમાં વાપરવામાં આવે તો તેનું રિફંડ મળશે. આ પ્રમાણે એક્સપોર્ટમાં વપરાયેલા ઇનપુટ/સર્વિસ ઉપર ટેક્સ ભરાયો ન હોય કારણ કે ઇનપુટ/સર્વિસ કરમુક્તિ હેઠળ લાવવામાં આવ્યા હોય તો તેનું રિફંડ નહીં મળે, કારણ કે આ વ્યવહારો કરમુક્તિના હોવાથી તેના પર ખરેખર કોઇ ટેક્સ ભરાયો જ નથી. અને જો ટેક્સ ન ભરાયો હોય તો ક્રેડિટનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ કરમુક્તિ સિવાયના વ્યવહારોમાં ઇનપુટ/સર્વિસ ઉપર ટેક્સ ભરાયેલો હોવાથી તેની ક્રેડિટ મળવા પાત્ર છે, અને આ ક્રેડિટનું રિફંટ પણ નિયમ ૮૯(૪એ)(૪બી)ની ચોખવટ પ્રમાણે મળશે. આ નિયમ હેઠળ ક્યા લાભ મળવાપાત્ર છે તે જાણવું જરૂરી છે.

ઝીરો રેટેડ સપ્લાના લાભો :

નિકાસ અથવા એક્સપોર્ટ (ઝીરો રેટેડ સપ્લાય) માટે વપરાતાં તમામ ઇનપુટ અને ઇનપુટ સર્વિસ ઉપર ભરાયેલ ટેક્સની આઇ.ટી. સી. નું રિફંડ આપવાની જોગવાઇ આઇ.જી.એસ.ટી. એક્ટની કલમ ૧૬(૩)(એ) હેઠળ કરાયેલી છે, અને આ રિફંડની ગણતરી માટે સી.જી.એસ.ટી. રૂલ્સમાં નિયમ ૮૯ હેઠળ જોગવાઇ થયેલ છે. નિયમ ૮૯(૪) પ્રમાણે જ્યારે માલ કે સર્વિસનું એક્સપોર્ટ થાય અને આ ઝીરો રેટેડ સપ્લાય બોન્ડ કે એલ.યુ.ટી. હેઠળ ટેક્સની ચુકવણી કર્યા વગર કરવામાં આવે ત્યારે ઇનપુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ આ નિયમ હેઠળ આપવામાં આવેલી ફોર્મ્યુલા પ્રમાણે આપવામાં આવશે. આ ફોર્મ્યુલા પ્રમાણે એક્સપોર્ટમાં વપરાયેલ ઇનપુટ/ઇનપુટ સર્વિસથી ગણતરી proportionate અથવા રેશિયોના આધારે કરવામાં આવેલ છે, અને એક્સપોર્ટમાં ઉપયોગ થયેલ ઇનપુટ/સર્વિસનુ પ્રપોર્શનેટ રિફંડ આપવામાં આવે છે. હવે પ્રશ્ન એ ઊભો થયો છે કે આ ફોર્મ્યુલા પ્રમાણે રિફંડની જોગવાઇ અને નિયમ ૮૯ (૪એ)(૪બી) વચ્ચે કોઇ ઘર્ષણ કે વિસંગતતા છે ? આ બાબતે આ નિયમો હેઠળ રિફંડની ગણતરી કરવાના વિવાદો છે.

**રિફંડની પ્રોસિજર**

સી.જી.એસ.ટી. રૂલ્સ હેઠળ નિયમ નં. ૮૯ હેઠળ રિફંડ મેળવવાની પ્રોસિજર આપવામાં આવેલ છે. પરંતુ નિયમ ૮૯(૪) હેઠળની ફોર્મ્યુલા પ્રમાણે કરવામાં આવેલી અરજી અધિકારીઓ દ્વારા સ્વીકારવામાં આવતી નથી, જો 'ઝીરો રેટેડ સપ્લાય' એટલે કે એક્સપોર્ટના વ્યવહારોમાં **EOU** આવા એડવાન્સ ઓથોરાઇઝેશન હેઠળના ઇનપુટનો ઉપયોગ કરવામાં આવેલ હોય તે સંજોગોમાં. તો આવા સંજોગો માં એક્સ્પો ના રિફંડ માટે સી.જી.એસ.ટી. રૂલ્સ હેઠળ અન્ય ફોર્મ્યુલા પ્રમાણે અરજી કરવી પડે છે પરંતુ અન્ય નિયમો અને ફોર્મ્યુલાનું પાલન કરવું ખૂબ જ અઘરૂં છે, અને મુશ્કેલ છે. આ પરિસ્થિતિનો અંત આણવા સરકાર દ્વારા નિયમ ૮૯(૪એ) ૮૯(૪બી) અને ૯૬(૧૦) ને રદ કરવાનું પગલું લેવાય છે, પણ આ આવકારદાયક પગલાં પછી પણ ભૂતકાળના સમય માટે વિવાદો ચાલુ રહે છે, અને આ પરિસ્થિતિનો કાયમી ઉપાય હજી આવતો નથી.

## જીએસટી ૨.૦ લાગુ થયા બાદ ઈનપુટ ટેક્સ ક્રેડિટ અંગે આ બાબતો જાણવા જેવી

જીએસટી કાયદા હેઠળ ૨૨ સપ્ટેમ્બરથી ખૂબ મોટા ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. આ ફેરફારોમાં વસ્તુ અને સેવાઓ પરના જીએસટી દરોમાં મોટા પાયે ઘટાડો કરવામાં આવ્યો છે. આ ફેરફારોને સામૂહિક રૂપે જીએસટી ૨.૦ તરીકે ઓળખવામાં આવે છે. જીએસટીના દરોમાં મોટા પ્રમાણમાં ફેરફાર થતાં ઇનપુટ ટેક્સ ક્રેડિટ બાબતે અમુક મહત્વની બાબત જાણવી કરદાતાઓ માટે ખૂબ જરૂરી છે.

**જે વસ્તુ કે સેવા ઉપર અગાઉ ટેક્સ લાગુ હતો અને હવે દર શૂન્ય થયો હોય ત્યારે**

જીએસટી ૨.૦ માં ઘણી એવી અનેક ચીજવસ્તુઓ અને સેવાઓ છે જેના ઉપર ૨૧ સપ્ટેમ્બર સુધી ટેક્સ લાગુ હતો પરંતુ ૨૨ સપ્ટેમ્બરથી તે માલ કે સેવા કરમુક્ત બની ગઇ છે. આ સંજોગોમાં કરદાતાઓએ આ માલ કે સેવા ઉપર અગાઉ મેળવેલ અને જે માલ સ્ટોકમાં રહેલ છે તેવા માલની ઇનપુટ ટેક્સ ક્રેડીટ રિવર્સ કરવી જરૂરી બને છે. આ રિવર્સલ આઇટીસી ૦૩ દ્વારા કરવાની રહે છે. આ રિવર્સલ કરવામાં કરદાતાએ જીએસટી નંબર પ્રમાણે અને ઇન્વોઇસ પ્રમાણે સ્ટોકમાં રહેલ વસ્તુની વિગતો પોર્ટલ પર આપવાની રહે છે. આ વિગતો ઉપરની રિવર્સ કરવાની ક્રેડીટની રકમ નક્કી થતી હોય છે.

આ તબક્કે એ જાણવું પણ જરૂરી છે કે આ ફોર્મ ભરવામાં આવે ત્યારે જે રકમ રિવર્સ કરવાની નક્કી થાય તે ક્રેડિટ લેજરમાં હોય તે જરૂરી નથી. અ રિવર્સ કરવાની રકમ જો ક્રેડીટ લેજરમાં ન હોય કે ઓછી હોય તો કરદાતાએ કેશ લેજરમાંથી એટલે કે ચલણ દ્વારા રકમ ભરવાની પણ થતી હોય છે.

**જે માલ કે સેવા પર જીએસટીના દરમાં ઘટાડો થયો હોય**

જીએસટી ૨.૦ માં ઘણી એવી ચીજવસ્તુઓ અને સેવાઓ છે જેના પરના વેરાના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે પણ તે

શૂન્ય કરવામાં આવ્યા નથી. આ પ્રકારના માલ કે સેવા માટે કરદાતાએ કોઇ રીવર્સલ કરવાની જરૂર નથી. તેઓ સ્ટોકમાં રહેલ માલ ઉપર સંપૂર્ણ ક્રેડિટ મેળવવા હક્કદાર રહેશે જ. ઘણા કરદાતાઓમાં એવી માન્યતા છે કે વેરાનો દર ઘટવાથી તેઓ ક્રેડિટ રીવર્સ કરવા જવાબદાર બને છે. આ માન્યતા સાચી નથી. વેરાના દરમાં ઘટાડો થાય ત્યારે રીવર્સલનો પ્રશ્ન ઉભો થતો નથી. માત્ર વેરાનો દર જ્યારે શૂન્ય કરવામાં આવ્યો હોય તો જ ક્રેડીટ રીવર્સલનો પ્રશ્નો ઉભો થાય છે.

જો કે વેરામાં ઘટાડો થતા મોટી રકમની ક્રેડિટ જમા રહી જતી હોય તો પણ રીફંડ મેળવવાનો હક્ક રહેશે નહિ એ જાણવું પણ એટલું જ મહત્વનું છે.

**જે માલ કે સેવા પરના વેરાના દરમાં ઘટાડા સાથે ઈનપુટ ટેક્સ ક્રેડીટ મેળવવા બાધ કરવામાં આવ્યો હોય**

જીએસટી ૨.૦ માં અમુક માલ અને સેવાઓ એવી છે કે જેના વેરાના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે, પરંતુ સાથોસાથ આ માલ કે સેવા માટે ઇનપુટ ટેક્સ ક્રેડિટ આપવામાં આવશે નહિ તેવી પણ શરત ઉમેરવામાં આવી છે. હોટેલ ઇન્ડસ્ટ્રી માટે જીએસટી ૨.૦ માં આ પ્રમાણે ફેરફાર કરવામાં આવ્યો છે. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૭૫૦૦ સુધીના રૂમ ટેરીફ પર વેરાનો દર ૧૨ ટકાથી ઘટાડી ૫ ટકા કરવામાં આવ્યો છે. પરંતુ સાથેસાથ એવી શરત પણ ઉમેરવામાં આવેલ છે કે આ પ્રકારની સેવા આપવામાં લાગુ કોઇ ઇનપુટ ટેક્સ ક્રેડીટ લેવાની રહેશે નહીં. આ બદલાવ પછી હોટેલ ઉદ્યોગમાં એક મુખ્ય ચર્ચા શરૂ થઇ છે.

**શું હોટેલિયર્સ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ પછી પણ પોતાની ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં પડેલી જૂની આઈટીસીનો ઉપયોગ કરી શકે ?**

શું જૂની આઇટીસીનો ઉપયોગ કરી શકાય ? હા, એ સંપૂર્ણપણે શક્ય છે. જીએસટી કાયદાના નિયમો અનુસાર, ખાસ કરીને સીજીએસટી એક્ટ, સેક્શન ૧૮ અને સેક્શન ૪૯ અનુસાર માત્ર અવેલેબિલિટી ઓફ આઇટીસી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. કરદાતા નવી આઇટીસી મેળવી શકે નહીં, પરંતુ ઇલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ પહેલાં પડેલી આઇટીસીનો વપરાશ કરી શકે છે તેવો લેખકનો અભિપ્રાય છે. જો કે આ બાબતે ઘણા અલગ અલગ અભિપ્રાય ટેકસ પ્રોફેશનલ્સમાં પણ ચર્ચા જગાવી રહ્યા છે. આ બાબતે સ્પષ્ટ ખુલાસો સરકાર દ્વારા કરવામાં આવે તે જરૂરી છે, જો આમ નહિ કરવામાં આવે તો ભવિષ્યમાં આ અંગે આકારણીમાં ઘણી તકરારો ઉભી થઇ શકવાની શક્યતા નકારી શકાય નહિં.

**જે ચીજવસ્તુઓ અથવા સેવા પરના વેરાના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે પણ શૂન્ય કરવામાં આવ્યા નથી તેવા માલ કે સેવા માટે કરદાતાએ કોઇ ક્રેડિટ રીવર્સલ કરવાની જરૂર નથી. તેઓ સ્ટોકમાં રહેલ માલ ઉપર સંપૂર્ણ ક્રેડિટ મેળવવા હક્કદાર રહેશે જ.**

### પ્રાસંગિક : લાંબા ગાળે એ.આઇ. ની સકારાત્મક અસર પડશે અર્થતંત્ર ૨૦ ટકાની ગતિ આગળ વધશે

# AI થી દુનિયા બદલાઈ રહી છે, યુવાનો તેમાં તક શોધે

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કલ્પનાથી પણ આગળ છે. જે માનવ જીવનને પ્રભાવિત કરી રહી છે. AIને કારણે દુનિયા બદલાઇ રહી છે, તેમાં મહત્ત્વનું પરિબળ AI છે. AIને લોકો પૂરૂં સમજે તે પહેલા જનરેટિવ એ.આઇ. માણસના જીવનમાં ઝડપથી ગોઠવાઇ રહ્યું છે. અગ્નિ, ચક્ર, વિજળી અને કોમ્પ્યુટરની શોધે માણસના જીવનમાં સુખ-સુવિધા અને પ્રગતિ આપી છે, તે જ રીતે ટેકનોલોજીથી માનવ જીવન વધુ સુવિધા યુક્ત બન્યું છે. ઉત્પાદન વધ્યું છે. માણસની તાકાત વધી છે. પરંતુ, હવે AIનું આગમન માનવ જીવનને સૌથી વધુ પ્રભાવિત કરશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વર્તમાન સમયની મહત્ત્વની ક્રાંતિ છે. જે ૨૧ મી સદીનું સૌથી મોટું પરિવર્તન છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કૃત્રિમ બુદ્ધિ... હવે જનરેટિવ એટલે કે સર્જનાત્મક કૃત્રિમ બુદ્ધિવાળા યંત્રો માણસની જેમ કામ કરતા થયા છે.

ચેટ જીપીટી એ જનરેટિવ એ.આઇ. નું ટુલ્સ છે. જે નવું સર્જન કરી શકે છે. માણસની જેમ વાતો કરી શકે છે. તે શીખી શકે છે તે વધુ શક્તિશાળી બની રહ્યું છે. ડેટાના આધારે તમારા ત્વરિત જવાબો આપી શકે છે. હવે ડર ઊભો થયો છે કે, એ.આઇ. આવવાથી લાખો નોકરીઓ જશે ઘણી કંપનીઓએ કર્મચારીઓને મોટી સંખ્યામાં છૂટા કરી દીધા છે. આ ઉપરાંત નિષ્ણાતો એ.આઇ. ના ભય સ્થાનો જણાવી રહ્યા છે. તેમ છતાં AI હવે લોકોના જીવનમાં પ્રવેશી ચુક્યું છે. તેને રોકી શકાય તેમ નથી તેવા સંજોગોમાં એ.આઇ. વિશે જાણકારી મેળવવી તેનો વપરાશ શીખવો અને જીવનમાં કે ધંધા અને વ્યવસાયમાં તેનો ઉપયોગ કરી તેમાં વધુ તક શોધવાનો સમય છે. દૂર ભાગવાનો કે માત્ર ડર અનુભવવાને બદલે AI નો વધુમાં વધુ ઉપયોગ કરવાની જરૂર છે.

ગામડાના અને ખૂબ સામાન્ય માણસ પણ મોબાઇલનો વપરાશ કરે છે. પરંતુ, તેને હજુ ખ્યાલ જ નથી કે એ.આઇ. એટલે શું ? મોબાઇલનો ઉપયોગ કરે છે તે ટેકનોલોજી છે, તેમાં ફોનબુક છે. તેમાં ટાઇપ કરવાથી નામ આવે અને આપણો નંબર ડાયલ કરી વાત કરીએ છીએ તે ઇન્ફોર્મેશન ટેકનોલોજી(IT) છે. પરંતુ, તમે બોલો અને મોબાઇલ અવાજને ઓળખી ફોન નંબર ડાયલ કરી આપે તે એ.આઇ. છે. હજુ તમે એ.આઇ. ના ટુલ્સની એપમાં જઇને કોઇપણ પત્ર લખવા કે શુભેચ્છાઓ સંદેશાઓ તૈયાર કરવાનું કહો તો માત્ર ક્ષણવારામાં મોબાઇલ તમને તે કામ કરી આપશે. તે જનરેટિવ એઆઇ છે. ChetGPT નો અર્થ Chet એટલે વાતચીત અને G એટલે જનરેટિવ અને P એટલે પ્રિટ્રેઇન્ડ અને T એટલે ટ્રાન્સફોર્મર એવો અર્થ થાય છે. મોબાઇલ દ્વારા દરેક વ્યક્તિ AI નો ઉપયોગ કરતો થઇ ગયો છે. ડ્રાઇવર લેસ કાર ચાલી શકે તે એ.આઇ. નું પરિણામ છે. ઔદ્યોગિક એકમો અને સર્વિસ સેક્ટરમાં રોબોટ્સ હવે માણસનું સ્થાન લઇ રહ્યા છે. જનરેટિવ એ.આઇ. માણસની માફક જવાબો આપે છે. વાર્તા, કવિતા, નિબંધો કે પ્રવચનો પણ લખી આપે છે.

સિલિકોનવેલીમાં ટેકનોલોજી કંપનીઓના વડાઓ કહે છે કે, થોડા જ વર્ષમાં એ.આઇ. નિર્ણયો લઇ શકશે સમસ્યાઓનું નિરાકરણ પણ કરી શકશે. અને સરેરાશ માનવ કરતા વધુ સારી રીતે તર્ક કરી શકશે. જો આ દાવાઓ ખરા પડશે તો દુનિયાના અર્થતંત્રમાં પણ ખૂબ મોટું પરિવર્તન આવશે. સુપર ઇન્ટેલિજન્સ સિસ્ટમ ગંભીર રોગોની સારવાર શક્ય બનાવશે આજે રોબોર્ટ સર્જરી સામાન્ય છે. પરંતુ, તેનાથી એક ડગલું આગળ રોગ નિદાનમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવશે. અસાધ્ય બિમારીનો ઇલાજ સરળ થશે. નવી શોધો ઝડપથી થશે વાસ્તવમાં એ.આઇ. ભવિષ્યમાં માણસને મોટો પડકાર આપશે. જે માનવતા સામેની મોટી સમસ્યા બનશે એવું બની શકે કે માણસે એ.આઇ. સાથે સ્પર્ધા કરવી પડશે. વિશ્વભરમાં એ.આઇ. સંશોધન અને ઉપયોગ માટે હોડ જામી છે. ભારત એ.આઇ. માં વૈશ્વિક ખેલાડી તરીકે ઊભરી રહ્યું છે. ભારત એ.આઇ. નું મોટું માર્કેટ છે. ઓપન એ.આઇ. નાં સેમ ઓલ્ટમેનની પૂરી આશા છે કે, એ.આઇ. ટૂંક સમયમાં વધુ મૌલિક પાસું પણ રજૂ કરશે. એવું બની શકે એ.આઇ. જાતે જ પોતાનામાં સુધારો કરવા લાગશે પરંતુ, સૌથી મોટો પ્રશ્ન અને ડર એ છે કે, એ.આઇ. જ્યારે માનવ બુદ્ધિ ઉપર હાવી થઇ જશે ત્યારે તેને કંટ્રોલ કરવો મુશ્કેલ બની શકે છે. ઇલોન મસ્ક માને છે કે, ટૂંક સમયમાં એ.આઇ. માનવ વૃદ્ધિને વટાવી જશે. માર્ક જુકર બર્ગ આગાહી કરી છે કે એ.આઇ. તમારા રૂટિનને સમજીને જાતે કામ કરશે તે તમારા આસિસ્ટન્ટ તરીકે શ્રેષ્ઠ કામ કરી શકશે.

આજે ઘણા યુવાનો યોગ્ય રીતે વાંચી કે લખી શકતા નથી. સ્કિલ બેઈઝ્ડ નહીં હોય તેવા લોકોની નોકરીને મોટી અસર થશે મોટે ભાગે ઓછી કુશળતાવાળી નોકરીઓ એ.આઇ. ખાઇ જશે એ.આઇ. સંચાલિત રોબોટ્સ અથાક અને કોઈપણ ફરિયાદ વગર સતત કામ કરી શકે છે. તેથી શ્રમપ્રધાન નોકરીઓ સલામત નથી માટે યુવાનોએ એ.આઇ. થી સજ્જ થવાની જરૂર છે, અને તેમાં નવી તકો શોધવી પડે તેમ છે. આજે વિદ્યાર્થીઓ તેમનું હોમવર્ક નિબંધ લેખન કે પ્રોજેક્ટ રિપોર્ટ અને પીપીટી માટે એ.આઇ. નો ઉપયોગ કરી રહી છે. શાળા અને કોલેજો માટે વિદ્યાર્થીઓને એ.આઇ. ટુલ્સનો ઉપયોગ કરતા કેમ રોકવા તે નવો પ્રશ્ન ઊભો થયો છે. વિદ્યાર્થી હોમવર્ક કે પ્રોજેક્ટ રિપોર્ટ મહેનત વગર એ.આઇ. થી તૈયાર કરશે તો તેની મૌલિકતાને અસર થશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રની નજર ડેટા ઉપર હોય છે. દુનિયાની ૨૦ ટકા વસ્તી ભારતની છે. દુઃખની વાત એ છે કે, ભારતના ડેટાના માત્ર ૧૦ ટકા જ આપણા દેશમાં સ્ટોર થાય છે. ૯૦ ટકા ડેટા ગ્લોબલ સેન્ટરમાં જાય છે. ત્યાં મોટી કંપનીઓ તેને એ.આઇ. માં પ્રોસેસ કરે છે અને આપણને ડોલરમાં વેચે છે.

એ.આઇ. ઉપર પુસ્તક લખનાર મીત દેસાઇના મતે એ.આઇ. નો ઉપયોગ હવે માનવ જીવનમાં અનિવાર્ય છે. તેથી તેને શીખવાની જરૂર છે. જ્યારે કોઇ વસ્તુની જાણકારી ન હોય ત્યારે ડર વધુ લાગે છે. તે જ રીતે ટેકનોલોજી અને એ.આઇ. થી ડરવાની જરૂર નથી એને શીખવાની જરૂર છે. એ.આઇ. અને જનરેટિવ એ.આઇ. માણસનાં કોઈપણ પ્રશ્નનો જવાબ સમગ્ર વિશ્વમાં ચાલતી પરિસ્થિતિના આધારે સાર કાઢીને આપી શકે છે. માણસે એ.આઇ. ના ગુલામ ન બનવું હોય તો તેના જાણકાર બનવાની જરૂર છે.

એ.આઇ. ગતિ અને ક્ષમતા બંનેમાં અસાધારણ દેખાય છે. કોમ્પ્યૂટર અને ઇન્ટરનેટ જેવી ટેકનોલોજી એ માનવ જગતને બદલી નાખ્યું છે આજે ઇન્ફોર્મેશન ટેકનોલોજી એ બેન્કિંગ સેક્ટરમાં ગજબનું પરિવર્તન કર્યું છે. આજે ઇન્કમટેક્સ અને જીએસટી કલેક્શન અને કરવેરા વ્યવસ્થાપન માટે ટેકનોલોજી આશીર્વાદરૂપ બની છે. વિશાળ ભારતની તમામ વ્યવસ્થામાં ટેકનોલોજી એ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. રેલ્વે હોય કે પ્લેન હોય તેના વ્યવસ્થાપનમાં આઇટીની મહત્ત્વની ભૂમિકા છે. સરકારશ્રી તરફથી સીધા લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં રકમ જમા થાય છે તે કાર્ય પણ આઇટીનું પરિણામ છે. પરંતુ, હવે એ.આઇ. તેનાથી પણ વધુ ઝડપે માણસની માફક કામ કરી શકે છે. પરંતુ, તેનાથી ઘણા પ્રશ્નો ઊભા પણ થશે એ.આઇ. ના કારણે વિકાસશીલ અને વિકસિત દેશો વચ્ચે અંતર વધશે આર્થિક અસમાનતા વધવાનો ડર છે કારણ કે, મોટાભાગના એ.આઇ. મોડલોમાં ઉપયોગમાં લેવાતી પેટન્ટ અને માલિકી ફક્ત થોડા વિસસિત દેશો પાસે છે. એ. આઇ. ના કારણે રોજગારી અંગે ખૂબ ચિંતા છે. અને તે અંગે જુદાજુદા મત છે. શરૂઆતમાં પ્રવેશ સ્તરની નોકરીઓ બદલી નાખશે. પરંતુ, અન્ય લોકો દાવો કરે છે કે, લાંબા ગાળે એ.આઇ. ની સકારાત્મક અસર પડશે અર્થતંત્ર ૨૦ ટકાની ગતિ આગળ વધશે વર્લ્ડ ઇકોનોમિક ફોરમના સર્વે પર એક અહેવાલમાં અંદાજ છે કે, એ.આઇ. ૨૦૩૦ સુધીમાં ૯૨ મિલિયન નોકરીઓનું નુકસાન કરશે પરંતુ, ૧૭૮ મિલિયન નવી નોકરીઓનું સર્જ કરશે. તેમ છતાં સેન્ટર ફોર એ.આઇ. સેફ્ટી એ જૂન ૨૦૨૩ માં કહ્યું હતું કે, એ.આઇ. ને કારણે થતા વિનાશના જોખમને ઘટાડવું એ વૈશ્વિક પ્રાથમિકતાની જરૂર છે.

કાનમાં કહું...

એ.આઇ. નવી દુનિયાની પાંખો છે.

જગત પર મંડાયેલી આંખો છે.

## આ યુગમાં ઔદ્યોગિક નીતિ સાર્વભૌમ ડિજિટલ માળખાનાં નિર્માણ તરફ કેન્દ્રીત હોવી જોઇએ

# ડિજિટલ અર્થતંત્ર માટે ઔદ્યોગિક નીતિ

ઉદ્યોગ નીતિ વૈશ્વિક વ્યૂહનાં કેન્દ્રસ્થાને પાછી ફરી છે; પણ આ યુગની ફેક્ટરીઓ ભાગ્યે જ પોતે જાહેરાત કરે છે. તેઓ ડેટા સેન્ટર, ઓટોમેટેડ વેરહાઉસ અને હાઇ-પર્ફોમન્સ કમ્પ્યુટર ક્લસ્ટરમાં ચૂપચાપ કામ કર્યા કરે છે, જ્યાં એસેમ્બલી લાઇન કોડની લાઇન બની ગઇ છે. પ્રશ્ન એ નથી કે ઓટોમેશન આવશે કે નહીં પરંતુ શું સમાજે તેમના લોકોને પ્રગતિની વાર્તામાં કેન્દ્રમાં રાખવા માટે કામ, શિક્ષણ અને ઉદ્યોગોને ઝડપથી પુનઃ ડિઝાઇન કરી શકશે કે કેમ.

ભારત જેવા વધુ વસ્તી ધરાવતા દેશ માટે તેનાં વિશાળ અને યુવા કાર્યબળ સાથે, ભવિષ્યનાં ઉદ્યોગો કેવા હશે અને ઉદ્યોગોનું ભવિષ્ય કેવું હોવું જોઇએ તે અંગે પુનઃવિચાર કરવાની અથવા વિચારવાની પણ જરૂર છે. તેમ છતાં, વિશ્વનાં સૌથી ઉત્સાહી ડિજિટલ ગ્રાહક તરીકે, શું આપણી પાસે આ અદ્રશ્ય ક્રાંતિ માટે ઔદ્યોગિક નીતિ છે. આપણે વૈશ્વિક ટેક બેક ઓફિસ રહ્યા છીએ, ભલે આપણને આ શબ્દસમૂહ પસંદ ન હોય. આપણે રેલ બનાવીએ છીએ પણ અન્ય લોકો પાસે ટ્રેનની માલિકી છે. પરિણામ એ એક પરિચિત રાષ્ટ્રીય વિરોધાભાસ છે- એક ઔદ્યોગિક દેશ જે દરેક વૈશ્વિક ટેકનોલોજી અથવા ઔદ્યોગિક મોજામાં ભાગ લે છે પરંતુ ભરતીનો બહુ ઓછો હિસ્સો ધરાવે છે. જો આપણે ટ્રમ્પનાં ટેરિફ, ટેકનોલોજી પ્રતિબંધો અને બિગ ટેકનોલોજી વર્ચસ્વની ઉથલપાથલથી આગળ જોઇએ, તો એક ઊંડું સત્ય બહાર આવે છે - વિશ્વ પહેલેથી જ ડિજિટલ વર્ચસ્વ માટે યુધ્ધ લડી રહ્યું છે.

આ યુગમાં ઔદ્યોગિક નીતિ સાર્વભૌમ ડિજિટલ માળખાનાં નિર્માણ તરફ કેન્દ્રી હોવી જોઇએ. નવા અર્થતંત્રમાં સત્તા એ લોકોની હશે જેઓ સંપૂર્ણ ડિજિટલ મૂલ્ય સાંકળને નિયંત્રિત કરે છે. માત્ર ઉત્પાદન જ નહીં, પરંતુ ધોરણો, પ્રોટોકોલ અને બૌદ્ધિક સંપત્તિ કે જે તેને સંચાલિત કરે છે. ભારતની ઔદ્યોગિક નીતિએ આને વ્યૂહાત્મક સંપત્તિ તરીકે ગણાવી જોઇએ અને ડિજિટલ પાયાનું નિર્માણ કરવું જોઇએ જે કોઇ બીજાની નીતિ, મંજૂરી અથવા રાજકારણ દ્વારા બંધ ન કરી શકાય. શિક્ષણ, સંશોધન અને પુનઃકૌશલ્યમાં તાત્કાલિક અને ઊંડા રોકાણ વિના, ભારત તેનાં નિર્માતાને બદલે નવીનીકરણનો ગ્રાહક રહેશે. ડિજિટલ સદીની મદદથી માલિકી મેળવવા માટે આપણે ચિપ અને વિચારક એમ બંનેનું નિર્માણ કરવું પડશે.

સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક પુનરૂત્થાન વ્યૂહાત્મક અને તકવાદી એમ બંને રીતે રહ્યું છે. અમેરિકા મોટા પાયે જાહેર રોકાણ અને નિકાસ નિયંત્રણો દ્વારા સેમીકન્ડક્ટર ક્ષમતાને પુનઃસ્થાપિત કરી રહ્યું છે. તે સ્થાનિક ઉત્પાદનની સ્થિતિસ્થાપકતા માટે દબાણ કરી રહ્યું છે. યુરોપમાં ડેટા અને પ્લેટફોર્મનાં નિયંત્રણની આસપાસ તેનો ડિજિટલ સાર્વભૌમત્વ એજન્ડા ઘડી રહ્યું છે. ચીનની મેઇડ ઇન ચાઇના ૨૦૨૫ વ્યૂહરચનાએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ), ટેલિકોમ અને અદ્યતન ઉત્પાદનનમાં ચેમ્પિયન બનાવ્યા છે.


તેનાથી વિપરીત, ભારતનો અભિગમ ટુકડા ટુકડામાં રહ્યો છે. જ્યારે આપણે અસાધારણ ડિજિટલ જાહેર માળખું-આધાર, યુનાઇટેડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ, ડિજિલોકરનું નિર્માણ કર્યું છે ત્યારે અંતર્ગત ટેકનોલોજી આર્થિક માળખું હજુ પણ નાજુક છે. સ્ટાર્ટ-અપ્સ વિદેશી મૂડી પર આધાર રાખે છે, સર્વર ગ્લોબલ ક્લાઉડ પર બેસે છે અને ગણતરી ઉપકરણો આયાત કરવામાં આવે છે, જ્યારે આપણા અર્થતંત્રને તાકાત આપતા પ્લેટફોર્મ્સ અન્યત્ર સંચાલિત થાય છે ત્યારે આપણું સાર્વભૌમત્વ શરતી બની જાય છે. ભારતનું વર્તમાન ઔદ્યોગિક માળખું ક્ષેત્રોનાં શબ્દભંડોળ અને પ્રણાલિઓ અને સાર્વભૌમત્વની ભાષાને સબસિડીથી વિકસીત થવું જોઇએ. મહત્વકાંક્ષા સ્પષ્ટ છે, પરંતુ આગળનું , પગલું સુસંગત હોવું જોઇએ - ઉત્પાદનને ડેટા ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવું, ટેકનોલોજીને શાસન સાથે જોડવી અને સંસ્થાકીય ડિઝાઇન સાથે નવીનતા, ભારત સમક્ષ ક્ષમતા વિકસાવવાની તક છે - સંશોધન, સેમિકન્ડક્ટર્સ, નૈતિક એઆઇ અને સ્થિતિસ્થાપક શહેરોમાં રોકાણ કરવું જે દરેક પ્રવાહને સ્વ-મજબૂત બનાવે છે. આ સ્થિતિમાં શાસનમાં સાંસ્કૃતિક પરિવર્તનની માંગ કરે છે.

ભારતની અમલદારશાહી સર્જનાત્મકતાને બદલે દેખરેખ માટે અનુકુળ રહે છે. ઔદ્યોગિક નીતિએ તેનાં પ્રોત્સાહન માળખાને ફરીથી ઘડવું જોઇએ. માત્ર પ્લાનને લાગુ કરવા માટે નહીં પરંતુ ઇકોસિસ્ટમનાં નિર્માણ માટે અધિકારીઓને પુરસ્કાર આપવો જોઇએ. જો મંચ અર્થતંત્રનું સંચાલન કરવું હોય તો રાજ્યએ એક મંચની જેમ વિચારવાનું શીખવું જોઇએ.- ચપળ, આંતરસંચાલિત અને ડેટા-જાગૃત.

ભારતની ઔદ્યોગિક નીતિ પ્રોત્સાહનો અને ઉત્પાદન યોજનાઓની સૂચિ ન રહી શકે. તે એક સિધ્ધાંતમાં વિકસિત થવું જોઇએ. એક ઇરાદાપૂર્વકની રચના જે રાષ્ટ્રીય સંસાધનોને રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓ સાથે સંરેખિત કરે છે. ગ્રીન એન્ડ વ્હાઇટ રિવોલ્યુશનને પરિવર્તનકારી બનાવનાર સબસિડી નહીં પણ માળખું હતું. હેતુ, સંસ્થાઓ અને તાકીદનું માળખું. ડિજિટલ સદી માટે પણ હવે આની જ જરૂર છે. ઔદ્યોગિક વ્યૂહરચનાએ શિક્ષણ સુધારા, સંશોધન શ્રેષ્ઠતા, રાજકોષીય સ્વાયતતા અને વેપાર મુત્સદ્દીગીરીને એક જ પ્લેબુકમાં જોડવી જોઇએ.

# આ ઓનલાઈન ફ્રી કોર્સ તમને AIમાં પાવરફુલ બનાવશે

કંપની હોય કે અન્ય કોઈ સંસ્થા હોય, આધુનિક ટેકનોલોજી સાથે કામ કરી શકનારા લોકોની માંગ હંમેશા રહે છે. ખાસ કરીને એઆઇ ને સારી પેઠે ઉપયોગમાં લઇ શકનારા વ્યાવસાયિકોની મોટી સંખ્યામાં માગ રહે છે. જોબ માર્કેટમાં પણ હાલના સમયમાં એવા પ્રોફેશનલોની માંગ વધી ગઇ છે જેમને એઆઇ ની તમામ સ્કીલ આવડે છે, અને પોતાના ફિલ્ડમાં તેમને એઆઇ નો ઉપયોગ કરવામાં ઊંડો રસ હોય. ખરેખર તો, એઆઇ ની સાથે-સાથે આ ફિલ્ડમાં પણ માત્ર નોકરીઓની સંખ્યા જ વધી રહી છે, એવું નથી પણ આ ક્ષેત્ર તરફ જવાનું વલણ યુવાનોમાં વધારે જોવા મળી રહ્યું છે. આજકાલ યુવાનોને પણ એવા ફિલ્ડમાં રસ પડી રહ્યો છે, જેમાં તેમને નોકરીની બહેતર તક હોય એટલું જ નહીં પણ તેઓ એ ફિલ્ડમાં જઇને કંઇક રચનાત્મક રીતે કરી શકે. યુવાનોને એઆઇ માં જે રીતે રસ પડી રહ્યો છે, એ જોઇને જ ગૂગલ દ્વારા યુવાનોને રસ પડે એવા પાંચ એવા ઓનલાઇન ફ્રી કોર્સ શરૂ કરવામાં આવી રહ્યા છે, જે તમને એઆઇની ઝીણી-ઝીણી વિગતોથી વાકેફ કરશે. જો તમે તમારા ફિલ્ડમાં તમારા કૌશલ્ય અને રચનાત્મકતાને વધારવા માંગતા હોવ તો તમે પણ ગૂગલના આ પાંચ ફ્રી ઓનલાઇન કોર્સમાં સામેલ થઇ શકો.




### ગૂગલ એઆઇ ખાસ સ્પેશિયલાઇઝેશન

આ ચાર કલાકનો ઓનલાઇન કોર્સ આરંભિક સ્તરના યુવાનોને માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. આ કોર્સના અભ્યાસ ક્રમમાં કુલ પાંચ મોડ્યુલ સામેલ છે. આ કોર્સ દરમિયાન તમને એઆઇનો પરિચય, મેક્સિમાઇઝ પ્રોડક્ટીવિટી વીથ એઆઇ ટૂલ, આર્ટ ઓફ પ્રોમ્ટીંગ, એઆઇ રિસ્પોન્સિબિલિટી અને એઆઇ કર્વ જેવા વિષયોનો પરિચય કરાવશે.

### જનરેટિવ એઆઇ નો પરિચય

આ ૪૫ મિનિટનો ઓનલાઇન કોર્સ છે. આ કોર્સ દરમિયાન યુવાનોને જનરેટિવ એઆઇ ની સૂક્ષ્મ બાબતોનો પરિચય કરાવવામાં આવશે. આ એક માઇક્રો લર્નિંગ કોર્સ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને એ બાબત શિખવવાનો છે કે, જનરેટિવ એઆઇ શું છે, તેનો ઉપયોગ કઇ રીતે કરી શકાય છે અને એ પરંપરાગત મશિન લર્નિંગ મેથડથી કેવી રીતે અલગ છે.

### વર્ટેક્સ એઆઇ સ્ટુડિયોનો પરિચય

આ બે કલાકનો ફ્રી ઓનલાઇન કોર્સ છે, જેમાં કોર્સને લગતું માત્ર એક જ મોડ્યુલ સામેલ છે. કોર્સ દરમિયાન તેમાં ભાગ લેનારાઓને પ્રોટો ટાઇપિંગ, પ્રોમ્ટ એન્જિનિયરીંગ, એપ્લિકેશન ડેવલપમેન્ટ, જનરેટીવ એઆઇ જેવા વિષયોની માહિતી આપવામાં આવશે.

### લાર્જ લેંગ્વેજ મોડલ્સ

આ એક આરંભિક સ્તરનો માઇક્રો લર્નિંગ ઓનલાઇન કોર્સ છે, જેનો ઉદ્દેશ્ય લાર્જ લેંગ્વેજ મોડલ્સ, પ્રોમ્ટ ટ્યુનિંગને વિકસાવવા માટે LLM નો ઉપયોગ કેવી રીતે કરવો વગેરે વિષયોનો પરિચય કરાવવામાં આવે છે. આ કોર્સમાં ભાગ લેનારાઓની સુવિધા માટે વિષયને લગતું વાંચન અને ક્વિઝ પણ સામેલ છે.

### રિસ્પોન્સિબલ એઆઇ

૩૦ મિનિટના આ ઓનલાઇન કોર્સનો ઉદ્દેશ્ય તેમાં ભાગ લેનારને જવાબદાર એઆઇ નો પરિચય કરાવવો, તેમજ ગૂગલ પોતાની એઆઇ પ્રોડક્ટમાં જવાબદાર એઆઇ નો ઉપયોગ શા માટે કરે છે, જેવા વિષયોનો કોર્સ કરનારા તમામને સારી રીતે પરિચય કરાવવામાં આવશે. કોર્સની રૂપરેખાને સારી રીતે સમજવા માટે ૭ મિનિટનો વિડિયો તેમજ લેક્ચર ક્વિઝ પણ સામેલ છે.

# એરર ૪૦૪ : જ્યારે વેબસાઈટ ખોવાઈ જાય ત્યારે શું થાય ?

## વેબસાઈટ વાપરનારા સૌ કોઈને આ એરરનો અનુભવ થયો જ હશે !

તમે કોઈ મિત્રના ઘરે જઈ રહ્યા છો. તમારી પાસે સરનામું છે, નકશો પણ જોઈ લીધો છે. ગલી મહોલ્લામાંથ પસાર થઈને તમે ત્યાં પહોંચો છો. જોકે, ત્યાં મકાનની જગ્યા પર એક ખાલી પ્લોટ છે, જેના પર બોર્ડ લાગેલું છે : આ સરનામું હવે અસ્તિત્વમાં નથી.

કેવું લાગશે ? સારૂં તો ન જ લાગે ને ! ઈન્ટરનેટની દુનિયામાં પણ બરાબર આવું જ થાય છે, ફરક એટલો કે ત્યાં "Error 404: Page Not Found' લખેલું હોય છે. મોટા ભાગના લોકોને આનો અનુભવ થતો જ હોય છે. તો ક્યારેય સવાલ થયો છે કે આ Error 404 છે શું અને શા માટે આવે છે ?

### એરર ૪૦૪ શું છે ?

Error 404 એક સંદેશ છે. જે જણાવે છે કે તમે જે વેબપેજને શોધી રહ્યા છો, તે સર્વર પર નથી. ઉદાહરણ તરીકે, માની લો કે તમે એક શોપિંગ વેબસાઈટ પર જઈને કપડાં શોધી રહ્યા છો. તમે કોઈ એક પ્રોડક્ટ પર ક્લિક કર્યું. પણ સ્ક્રીન પર 404 Not Found નો સંદેશ આવી ગયો. આનો અર્થ છે કે તે પેજ કે જેના પર તે કપડાંની માહિતી હતી, હવે ત્યાં નથી. બની શકે કે તે પ્રોડક્ટ હટાવી દીધી હોય અથવા લિંકમાં ભૂલ હોય. મૂળ તો આ Error 404 એક HTTP સ્ટેટસ કોડ છે.

### HTTP સ્ટેટસ કોડ એટલે શું ?

HTTP સ્ટેટસ કોડ વેબ સર્વર અને આપણા બ્રાઉઝર વચ્ચે વાતચીતની એક ખાસ ભાષાનો ભાગ છે. જ્યારે પણ તમે તમારા બ્રાઉઝર (જેમ કે ક્રોમ કે ફાયરફોક્સ) માં કોઈ URL ટાઈપ કરો છો, ત્યારે તમારૂં બ્રાઉઝર તે વેબસાઈટના સર્વરને એક રિકવેસ્ટ મોકલે છે. આ રિકવેસ્ટ એક ખાસ નિયમનું પાલન કરે છે, જેને HTTP (Hyper Text Transfer Protocol) કહેવાય છે. સર્વર આ રિકવેસ્ટને વાંચે છે અને જણાવે છે કે તે સફળ રહી કે નહીં. આ જવાબને જ HTTP સ્ટેટસ કોડ કહે છે. આ કોડ ૧૦૦ થી લઈને ૫૯૯ સુધીની સીરીઝમાં હોય છે. જેના પાંચ વિભાગ છે.

- 100-199: Informational વિનંતી (Request) મળી ગઈ છે અને પ્રક્રિયા ચાલુ છે.
- 200-299: Successful વિનંતી સફળતાપૂર્વક મળી ગઈ, સમજી લેવાય અને સ્વીકારાઈ ગઈ છે.
- 300-399: Redirection વિનંતી પૂરી કરવા માટે યુઝર એજન્ટ (બ્રાઉઝર) દ્વારા આગળની કાર્યવાહી કરવાની જરૂર છે (એટલે કે, સરનામું બદલાયું છે),
- 400-499: Client Error એવું લાગે છે કે ક્લાયન્ટે (યુઝર તરફથી) કોઈ ભૂલ કરી છે.
- 500-599: Server Error સર્વર માન્ય વિનંતી (Request) ને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે.
- 404 Not Found આ કોડ સ્પષ્ટપણે જણાવે છે કે સર્વર બરાબર કામ કરી રહ્યું છે, ઈન્ટરનેટ કનેક્શન પણ યોગ્ય છે, પરંતુ જે ચોક્કસ પેજ કે ફાઈલ તમે માંગી છે, તે સર્વરને તે જગ્યાએ મળી નથી.

### '404' નંબર પાછળની વાત

સવાલ એ થાય કે આ પ્રકારની એરર માટે ‘૪૦૪’ નંબર જ કેમ પસંદ કરવામાં આવ્યો ? વાત છે ૧૯૯૦ ના શરૂઆતના દાયકાની. સ્વિત્ઝર્લેન્ડ પ્રયોગશાળા CERN (યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યૂક્લિયર રિસર્ચ) માં વૈજ્ઞાનિકો ઈન્ટરનેટને વિકસિત કરી રહ્યા હતા.જ્યાં વર્લ્ડ વાઈડ વેબનો જન્મ થયો. આ પ્રયોગશાળામાં ૪૦૪ નંબરનો રૂમ હતો. જ્યાં વર્લ્ડ વાઈડ વેબનો પ્રથમ ડેટાબેઝ રાખવામાં આવ્યો હતો.

શરૂઆતના દિવસોમાં, જો રિક્વેસ્ટ કરેલી ફાઈલ ન મળે, તો તે રૂમમાં હાજર ઓપરેટર ફાઈલને જાતે શોધીને મોકલતા. ફાઈલ ગુમ હોવાના પ્રમાણભૂત જવાબ Room 404: File Not Found હતો. ૧૯૯૨ માં જ્યારે HTTP સ્ટેટસ કોડ્સને લાગુ કરવામાં આવ્યા, ત્યારે ૪૦૪ નંબરને 'Page Not Fond' માટે ઓફિશિયલ કોડ બનાવી દેવામાં આવ્યો.

### Error 404 કેમ આવે છે ?

- ખોટી અથવા તૂટેલી લિંક : ઘણીવાર કોઈ વેબસાઈટની લિંકમાં સ્પેલિંગ ખોટો હોય છે અથવા લિંક જૂની થઈ ગઈ હોય છે.

જ્યારે તમે તે લિંક પર ક્લિક કરો છો તો ૪૦૪ એરર આવી જાય છે.

- ડિલીટ કે મૂવ કરેલા પેજ : માની લો કોઈ વેબસાઈટે કોઈ જૂનો આર્ટિકલ કે પ્રોડક્ટ પેજ હટાવી દીધું, પરંતુ તેની લિંક ક્યાંક બીજી જગ્યાએ રહી ગઈ છે. તો જ્યારે કોઈ તે લિંક પર ક્લિક કરે છે તો તેને ૪૦૪ એરર મળે છે.
- URL માં ભૂલઃ ક્યારેક આપણે પોતે જે એડ્રેસ બારમાં URL ખોટું ટાઈપ કરી દઈએ છીએ. નાની સરખી સ્પેલિંગની ભૂલ પણ ૪૦૪ એરરનું કારણ બની શકે છે.
- વેબસાઇટ રિડિઝાઈન કે માઇગ્રેશન : જ્યારે કોઈ વેબસાઇટ પોતાની ડિઝાઈન બદલે છે કે નવા પ્લેટફોર્મ પર શિફ્ટ થાય છે, તો અવારનવર URL ની સંરચના બદલાઈ જાય છે. જો યોગ્ય રીતે રિડાયરેક્ટ ન કરવામાં આવ્યું તો જૂની લિંક ૪૦૪ એરર આપવા લાગે છે.
- સર્વરની સમસ્યા : ક્યારેક સર્વરની સેટિંગ્સમાં ગરબડ કે DNS (Domain Name System) ની ખોટી કોન્ફિગરેશન પણ ૪૦૪ એરરનું કારણ બને છે.

### આપણને ૪૦૪ કઈ રીતે અસર કરે છે ?

- સમયનો બગાડ : આપણે સર્ફીંગ કરતા હોઈએ કે કામ કરતા હોઈએ ત્યારે ૪૦૪ કોડ આવે એટલે સમયનો બગાડ થાય છે.
- બ્રાન્ડ પ્રત્યે અવિશ્વાસઃ જો કોઈ વેબસાઇટ વારંવાર ૪૦૪ એરર બતાવે છે, તો આપણે માની લઈએ કે તે વેબસાઇટ પ્રોફેશનલ રીતે મેનેજ કરવામાં નથી આવતી. આપણને લાગે છે કે આ વેબસાઇટ જૂની છે અથવા વિશ્વસનીય નથી.
- બાઉન્સ રેટમાં વધારો : ૪૦૪ની એરર આવતા જ મોટા ભાગના લોકો વેબસાઇટ બંધ કરી દે છે, જેને ટેકનિકલ ભાષામાં ‘બાઉન્સિંગ’ કહેવાય છે.

### તમારે શું કરવું ?

- સૌથી પહેલા URL તપાસો, કદાચ તમે સ્પેલિંગ કે સ્લેશ(/) ની કોઈ ભૂલ કરી હોય.
- ક્યારેક સર્વરમાં અસ્થાયી ગડબડીના કારણે એરર આવે છે. પેજને રિફ્રેશ (F5 દબાવો) કરીને ફરીથી ટ્રાય કરો.
- મુખ્ય ડોમેન સુધી પાછા જાઓ. URL માં છેલ્લો સ્લેસ (/) પછીના ભાગની હટાવી દો અને એન્ટર દબાવો. ઉદાહરણ તરીકે જો તમને example.com/blog/article પર એરર ૪૦૪ મળી રહ્યું છે, તો example.com/blog અથવા સીધું site: example.com પર જાઓ.

ગૂગલ પર જાઓ અને આ રીતે શોધ કરો site:example.com : તમારો કી-વર્ડ. આનાથી ગૂગલ માત્ર તે જ વેબસાઇટ ની અંદર તે માહિતીને શોધશે.

આફતમાં અવસર

અનેક જાણીતી વેબસાઇટ્સ પોતાનાં ૪૦૪ પેજને ક્રિએટિવ, રસપ્રદ અને યાદગાર બનાવી દે છે. ઉદાહણ તરીકે Netflix પોતાના 404 પેજ પર વિશેષ રીતે સંદેશ આપે છે, જેમ કે ‘આ પેજ તો ગાયબ છે, પણ અમારી પાસે ઢગલો સિરીઝ છે!’ સાથે તેમની લોકપ્રિય સીરિઝના ફોટા હોય છે. ફ્લિપકાર્ટ તેના 404 પેજ પર રંગબેરંગી ગ્રાફિક્સ અને ‘ઓહો! આ પ્રોડક્ટ નથી મળી, પણ બીજું શોધો’ જેવો સંદેશ આપે છે. જે યુઝર્સને શોપિંગ ચાલુ રાખવા પ્રોત્સાહન આપે છે. ગિટહબનું 404 પેજ અવકાશી થીમ સાથે આવે છે, જ્યાં બ્લેક હોલ બતાવે છે કે પેજ ‘ખોવાઈ ગયું’. આ ક્રિએટિવિટી બ્રાન્ડની ઓળખને મજબૂત કરીને યુઝરનો મૂડ પણ હળવો રાખે છે.

404 એરરનો મતલબ એ નથી કે ઇન્ટરનેટ કામ નથી કરી રહ્યું કે તમારી ડિવાઇસમાં કોઈ સમસ્યા છે. તે માત્ર એટલું જણાવે છે કે તે વિશેષ પેજ હવે ઉપલબ્ધ નથી. 404 એરર ઇન્ટરનેટની આ વિશાળ ભુલભુલામણીમાં એક ખોટો વળાંક.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર,

તા. ૨૭/૧૧/ ૨૦૨૫

**જાહેરનામું**

ભાગ-૧

**જાહેર રજાઓ,૨૦૨૬**

**ક્રમાંક: GS/22/2025/JSR/2025/509/GH** - ગુજરાત સરકાર ૨૦૨૬ના વર્ષ દરમિયાન નીચેના દિવસોને રાજ્ય સરકારની કચેરીઓ માટે જાહેર રજા તરીકે જાહેર કરે છે.

| ક્રમાંક | જાહેર રજાનું નામ | તારીખ | શક સંવત | અઠવાડિયાનો વાર |
|---|---|---|---|---|
| ૧ | મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી, ૨૦૨૬ | ૨૪, પૌષ, ૧૯૪૭ | બુધવાર |
| ૨ | પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ | ૦૬, માઘ, ૧૯૪૭ | સોમવાર |
| ૩ | હોળી બીજો દિવસ (ધુળેટી) | ૦૪થી માર્ચ, ૨૦૨૬ | ૧૩, ફાલ્ગુન, ૧૯૪૭ | બુધવાર |
| ૪ | ચેટીચાંદ | ૧૯મી માર્ચ, ૨૦૨૬ | ૨૮, ફાલ્ગુન, ૧૯૪૭ | ગુરૂવાર |
| ૫ | રમજાન ઇદ (ઇદ-ઉલ ફિત્ર) (શવ્વાલ-૧લી) | ૨૧મી માર્ચ, ૨૦૨૬ | ૩૦, ફાલ્ગુન, ૧૯૪૭ | શનિવાર |
| ૬ | શ્રી રામ નવમી | ૨૬મી માર્ચ, ૨૦૨૬ | ૦૫, ચૈત્ર, ૧૯૪૮ | ગુરૂવાર |
| ૭ | મહાવીર જન્મ કલ્યાણક | ૩૧મી માર્ચ, ૨૦૨૬ | ૧૦, ચૈત્ર, ૧૯૪૮ | મંગળવાર |
| ૮ | ગુડ ફ્રાઇડે | ૦૩જી એપ્રિલ, ૨૦૨૬ | ૧૩, ચૈત્ર, ૧૯૪૮ | શુક્રવાર |
| ૯ | ડૉ.બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન | ૧૪મી, એપ્રિલ,૨૦૨૬ | ૨૪, ચૈત્ર, ૧૯૪૮ | મંગળવાર |
| ૧૦ | ઇદ-ઉલ-અદહા (બકરી ઇદ) | ૨૭મી મે, ૨૦૨૬ | ૦૬, જ્યેષ્ઠ, ૧૯૪૮ | બુધવાર |
| ૧૧ | મહોરમ (આશુરા) | ૨૬મી જૂન, ૨૦૨૬ | ૦૫,અષાઢ, ૧૯૪૮ | શુક્રવાર |
| ૧૨ | (૧) સ્વાતંત્ર્ય દિન | ૧૫મી ઑગસ્ટ, ૨૦૨૬ | ૨૪, શ્રાવણ, ૧૯૪૮ | શનિવાર |
| | (૨) પારસી નૂતન વર્ષ દિન (પારસી શહેનશાહી) | ૧૫મી ઑગસ્ટ, ૨૦૨૬ | ૨૪, શ્રાવણ, ૧૯૪૮ | શનિવાર |
| ૧૩ | ઇદ-એ-મિલાદ-ઉન્નબી (બારા વફાત મહંમદ પયગંબર સાહેબનો જન્મદિન) | ૨૬મી ઑગસ્ટ, ૨૦૨૬ | ૦૪, ભાદ્રપદ, ૧૯૪૮ | બુધવાર |
| ૧૪ | રક્ષાબંધન (શ્રાવણ સુદ-૧૫) | ૨૮મી ઑગસ્ટ, ૨૦૨૬ | ૦૬, ભાદ્રપદ, ૧૯૪૮ | શુક્રવાર |
| ૧૫ | જન્માષ્ટમી (શ્રાવણ વદ-૮) | ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૬ | ૧૩, ભાદ્રપદ, ૧૯૪૮ | શુક્રવાર |
| ૧૬ | સંવત્સરી (ભાદરવા સુદ ૪) (ચતુર્થી પક્ષ) | ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૬ | ૨૪, ભાદ્રપદ,૧૯૪૮ | મંગળવાર |
| ૧૭ | મહાત્મા ગાંધીનો જન્મદિન | ૦૨જી ઑક્ટોબર, ૨૦૨૬ | ૧૦, આશ્વિન, ૧૯૪૮ | શુક્રવાર |
| ૧૮ | દશેરા (વિજયા દશમી) | ૨૦મી ઑક્ટોબર, ૨૦૨૬ | ૨૮, આશ્વિન, ૧૯૪૮ | મંગળવાર |
| ૧૯ | સરદાર વલ્લભભાઇ પટેલનો જન્મદિન | ૩૧મી ઑક્ટોબર, ૨૦૨૬ | ૦૯, કાર્તિક, ૧૯૪૮ | શનિવાર |
| ૨૦ | નૂતન વર્ષ દિન /વિક્રમ સંવત-૨૦૮૩. બેસતું વર્ષ (કારતક સુદ-૧) | ૧૦મી નવેમ્બર, ૨૦૨૬ | ૧૯, કાર્તિક, ૧૯૪૮ | મંગળવાર |
| ૨૧ | ભાઇબીજ (કારતક સુદ-૨) | ૧૧મી નવેમ્બર, ૨૦૨૬ | ૨૦, કાર્તિક, ૧૯૪૮ | બુધવાર |
| ૨૨ | ગુરૂ નાનક જયંતી (કારતક સુદ-૧૫) | ૨૪મી નવેમ્બર, ૨૦૨૬ | ૦૩, માર્ગશીર્ષ, ૧૯૪૮ | મંગળવાર |
| ૨૩ | નાતાલ | ૨૫મી ડિસેમ્બર, ૨૦૨૬ | ૦૪, પૌષ, ૧૯૪૮ | શુક્રવાર |

**નોંધ- (૧) નીચેની રજા બીજા / ચોથા શનિવાર અથવા રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મહાશિવરાત્રી (મહા વદ-૧૩) | ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ | ૨૬, માઘ, ૧૯૪૭ | રવિવાર |
| ૨ | ભગવાનશ્રી પરશુરામ જયંતી (વૈશાખ સુદ-૨) | ૧૯મી, એપ્રિલ, ૨૦૨૫ | ૨૯, ચૈત્ર, ૧૯૪૮ | રવિવાર |
| ૩ | દિવાળી (દિપાવલી) | ૦૮મી, નવેમ્બર, ૨૦૨૬ | ૧૭, કાર્તિક, ૧૯૪૮ | રવિવાર |

**નોંધ-(૨) ઉપર જાહેર કરેલી મુસ્લિમ ધર્મની કોઇપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો, તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લિમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.**

**નોંધ- (૩) આ હુકમો રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/ કોર્પોરેશન તેમજ પંચાયત કર્મચારીઓને પણ લાગુ પડશે.**

ભાગ-૩

## બેન્કો માટે જાહેર રજાઓ, ૨૦૨૬

ક્રમાંક: GS/22/2025/JSR/2025/509/GH - ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૮મી મે, ૧૯૬૮ના જાહેરનામા ક્રમાંક:૩૯-૧-૬૮-જેયુડીએલ-૩સાથે વંચાણમાં લેતાં ૧૮૮૧ના વટાઊખત અધિનિયમ (૧૮૮૧ના ૨૬મા) ની કલમ-૨૫ના ખુલાસાને અનુસરીને ગુજરાત સરકાર, રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, અમદાવાદના પરામર્શમાં ૨૦૨૬ના વર્ષ દરમ્યાન નીચેના દિવસોને બેન્કો માટે જાહેર રજા તરીકે જાહેર કરે છે.

| ક્રમાંક | જાહેર રજાનું નામ | તારીખ | શક સંવત | અઠવાડિયાનો વાર |
|---|---|---|---|---|
| ૧ | મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી, ૨૦૨૬ | ૨૪, પૌષ, ૧૯૪૭ | બુધવાર |
| ૨ | પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ | ૦૬, માઘ, ૧૯૪૭ | સોમવાર |
| ૩ | હોળી બીજો દિવસ (ધુળેટી) | ૦૪થી માર્ચ, ૨૦૨૬ | ૧૩, ફાલ્ગુન ૧૯૪૭ | બુધવાર |
| ૪ | રમજાન ઇદ (ઇદ-ઉલ-ફિત્ર) (શવ્વાલ-૧લો) | ૨૧મી માર્ચ, ૨૦૨૬ | ૩૦, ફાલ્ગુન, ૧૯૪૭ | શનિવાર |
| ૫ | શ્રી રામ નવમી | ૨૬મી માર્ચ, ૨૦૨૬ | ૦૫, ચૈત્ર, ૧૯૪૮ | ગુરુવાર |
| ૬ | મહાવીર જન્મ કલ્યાણક | ૩૧મી, માર્ચ, ૨૦૨૬ | ૧૦, ચૈત્ર, ૧૯૪૮ | મંગળવાર |
| ૭ | ગુડ ફ્રાઇડે | ૦૩જી એપ્રિલ, ૨૦૨૬ | ૧૩, ચૈત્ર, ૧૯૪૮ | શુક્રવાર |
| ૮ | ડૉ.બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન | ૧૪મી, એપ્રિલ,૨૦૨૬ | ૨૪, ચૈત્ર, ૧૯૪૮ | મંગળવાર |
| ૯ | ઇદ-ઉલ-અદહા (બકરી ઇદ) | ૨૭મી, મે, ૨૦૨૬ | ૦૬, જ્યેષ્ઠ, ૧૯૪૮ | બુધવાર |
| ૧૦ | સ્વાતંત્ર્ય દિન | ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૬ | ૨૪, શ્રાવણ, ૧૯૪૮ | શનિવાર |
| ૧૧ | રક્ષાબંધન (શ્રાવણ સુદ-૧૫) | ૨૮મી ઓગસ્ટ, ૨૦૨૬ | ૦૬, ભાદ્રપદ, ૧૯૪૮ | શુક્રવાર |
| ૧૨ | જન્માષ્ટમી (શ્રાવણ વદ-૮) | ૪થી, સપ્ટેમ્બર, ૨૦૨૬ | ૧૩, ભાદ્રપદ, ૧૯૪૮ | શુક્રવાર |
| ૧૩ | સંવત્સરી (ભાદ્રપદ સુદ-૪) (ચતુર્થી પક્ષ) | ૧૫મી, સપ્ટેમ્બર, ૨૦૨૬ | ૨૪, ભાદ્રપદ,૧૯૪૮ | મંગળવાર |
| ૧૪ | મહાત્મા ગાંધીનો જન્મદિન | ૨જી ઓક્ટોબર, ૨૦૨૬ | ૧૦, આશ્વિન, ૧૯૪૮ | શુક્રવાર |
| ૧૫ | દશેરા (વિજયા દશમી) | ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ | ૨૮, આશ્વિન, ૧૯૪૮ | મંગળવાર |
| ૧૬ | સરદાર વલ્લભભાઇ પટેલનો જન્મદિન | ૩૧મી, ઓક્ટોબર, ૨૦૨૬ | ૦૯, કાર્તિક, ૧૯૪૮ | શનિવાર |
| ૧૭ | નૂતન વર્ષ દિન /વિક્રમ સંવત-૨૦૮૩, બેસતું વર્ષ (કારતક સુદ-૧) | ૧૦મી નવેમ્બર, ૨૦૨૬ | ૧૯, કાર્તિક, ૧૯૪૮ | મંગળવાર |
| ૧૮ | નાતાલ | ૨૫મી ડિસેમ્બર, ૨૦૨૬ | ૦૪, પૌષ, ૧૯૪૮ | શુક્રવાર |

નોંધ: -(૧) નીચેની રજા રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

| ક્રમાંક | જાહેર રજાનું નામ | તારીખ | શક સંવત | અઠવાડિયાનો વાર |
|---|---|---|---|---|
| ૧ | મહા શિવરાત્રી (મહા વદ-૧૩) | ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ | ૨૬, માઘ, ૧૯૪૭ | રવિવાર |
| ૨ | ભગવાનશ્રી પરશુરામ જયંતી (વૈશાખ સુદ-૨) | ૧૯મી, એપ્રિલ, ૨૦૨૬ | ૨૯, ચૈત્ર, ૧૯૪૮ | રવિવાર |
| ૩ | દિવાળી (દિપાવલી) | ૦૮મી, નવેમ્બર, ૨૦૨૬ | ૧૭, કાર્તિક, ૧૯૪૮ | રવિવાર |

નોંધ:- (૨) ગુજરાત સરકાર ગુજરાત રાજ્યમાં આવેલી બેન્કો, ગુજરાત રાજ્યની પગાર અને હિસાબી કચેરી, તિજોરી / પેટા તિજોરી કચેરીઓ માટે બુધવાર, તારીખ ૧લી, એપ્રિલ, ૨૦૨૬ / ૧૧, ચૈત્ર, ૧૯૪૮ના દિવસે તેઓ તેમના વાર્ષિક હિસાબો બંધ કરી શકે તે સારૂ જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
સરકારના અધિક સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

Page 9 of 9

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા

# નવનિયુક્ત મંત્રીમંડળને ખાતાઓની ફાળવણી

| ક્રમ | નામ | હોદ્દો | વિષય ફાળવણી |
|---|---|---|---|
| ૧ | ભૂપેન્દ્રભાઈ પટેલ | મુખ્યમંત્રી | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, નર્મદા અને કલ્પસર, ખાણ અને ખનિજ, બંદરો, માહિતી અને પ્રસારણ, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય મંત્રીઓને ન ફાળવેલ વિષયો |
| ૨ | હર્ષભાઈ સંઘવી | નાયબ મુખ્યમંત્રી | ગૃહ અને પોલીસ હાઉસીંગ, જેલ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, સરહદી સુરક્ષા, નશાબંધી અને આબકારી, વાહન વ્યવહાર, કાયદો અને ન્યાયતંત્ર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન |
| ૩ | કનુભાઈ દેસાઈ | મંત્રીશ્રી | નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ |
| ૪ | જીતુભાઈ વાઘાણી | મંત્રીશ્રી | કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ |
| ૫ | ઋષિકેશભાઈ પટેલ | મંત્રીશ્રી | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, વૈધાનિક અને સંસદીય બાબતો |
| ૬ | કુંવરજીભાઈ બાવળીયા | મંત્રીશ્રી | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ |
| ૭ | નરેશભાઈ પટેલ | મંત્રીશ્રી | આદિજાતિ વિકાસ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ |
| ૮ | અર્જુનભાઈ મોઢવાડિયા | મંત્રીશ્રી | વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી |
| ૯ | ડો. પ્રદ્યુમનભાઈ વાજા | મંત્રીશ્રી | સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ |
| ૧૦ | રમણભાઈ સોલંકી | મંત્રીશ્રી | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો |

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧૧ | ઈશ્વરસિંહ પટેલ | મંત્રીશ્રી | જળસંપતિ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) |
| ૧૨ | પ્રફુલ્લભાઈ પાનસેરીયા | મંત્રીશ્રી | આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબ શિક્ષણ (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ |
| ૧૩ | મનીષાબેન વકીલ | મંત્રીશ્રી | મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો) સામાજિક ન્યાય અને અધિકારિતા |
| ૧૪ | પરસોતમભાઈ સોલંકી | મંત્રીશ્રી | મત્સ્યોદ્યોગ |
| ૧૫ | કાંતિલાલ અમૃતિયા | મંત્રીશ્રી | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર |
| ૧૬ | રમેશભાઈ કટારા | મંત્રીશ્રી | કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર પશુપાલન, ગૌસંવર્ધન |
| ૧૭ | દર્શનાબેન વાઘેલા | મંત્રીશ્રી | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ |
| ૧૮ | શ્રી કૌશિકભાઈ વેકરીયા | મંત્રીશ્રી | કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અ પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો |
| ૧૯ | શ્રી પ્રવિણકુમાર માળી | મંત્રીશ્રી | વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ. વાહન વ્યવહાર |
| ૨૦ | ડો. જયરામભાઈ ગામીત | મંત્રીશ્રી | રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ સંકલન, ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્ય ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખ સામગ્રી, પ્રવાસન અને યાત્રા વિકાસ નાગરિક ઉડ્ડયન |
| ૨૧ | ત્રિકમભાઈ છાંગા | મંત્રીશ્રી | ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ |
| ૨૨ | કમલેશભાઈ પટેલ | મંત્રીશ્રી | નાણા, પોલીસ હાઉસીંગ, જેલ, નાગરિ સંરક્ષણ, ગૃહરક્ષક દળ અને ગ્રામ રક્ષ દળ, સરહદી સુરક્ષા, નશાબંધી અ આબકારી |
| ૨૩ | સંજયસિંહ મહીડા | મંત્રીશ્રી | મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાય અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ |
| ૨૪ | પૂનમચંદ બરંડા | મંત્રીશ્રી | આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિ પુરવઠા, ગ્રાહકોની બાબતો |
| ૨૫ | સ્વરૂપજી ઠાકોર | મંત્રીશ્રી | ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ |
| ૨૬ | રિવાબા જાડેજા | મંત્રીશ્રી | પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ |




**જામનગર ચેમ્બરનો અદ્યતન પબ્લિક એડ્રેસ સીસ્ટમ સાથેનો એ. સી. કોન્ફરન્સ રૂમ ભાડે આપવામાં આવે છે.**
**કોન્ફરન્સ/કમિટિ રૂમના દર (વાતાનુકુલીત)**

**<u>કોન્ફરન્સ રૂમ</u>**

| | |
|---|---|
| પ્રથમ ૨ કલાકના કોન્ફરન્સ રૂમ ભાડુ (એ.સી. તથા સાઉન્ડ સીસ્ટમ સાથેના) (ઈલેક્ટ્રીસીટી વપરાશ ચાર્જ યુનિટ દીઠ અલગથી) | **રૂા. ૫૦૦૦.૦૦** |
| વધારાની દરેક કલાક કે તેના ભાગ દીઠ | **રૂા. ૨૦૦૦.૦૦** |

**<u>કમિટિ રૂમ</u>**

| | |
|---|---|
| પ્રથમ ૨ કલાકના કમિટિ રૂમ ભાડાના (એ.સી. તથા સાઉન્ડ સીસ્ટમ સાથેના) (ઈલેક્ટ્રીસીટી વપરાશ ચાર્જ યુનિટ દીઠ અલગથી) | **રૂા. ૨૦૦૦.૦૦** |
| વધારાની દરેક કલાક કે તેના ભાગ દીઠ | **રૂા. ૭૫૦.૦૦** |

**ઈલેક્ટ્રીક વપરાશ ચાર્જ : યુનિટ દીઠ રૂા. ૧૫.૦૦**

**સુવિધાઓ** : એ. સી. તથા એકોસ્ટીક સાઉન્ડ સિસ્ટમ સાથે કોન્ફરન્સ રૂમમાં ૨૬૪ સીટ તથા ૧૧ રિવોલ્વીંગ ખુરશી સાથેનું ડાયસ.

- કોન્ફરન્સ હોલ બુકીંગ માટે મીનીમમ ડીપોઝીટ રૂા. ૨૦,૦૦૦ (પ્રથમ ૨ કલાક માટે)
- કમિટિ હોલ બુકીંગ માટે મીનીમમ ડીપોઝીટ રૂા. ૧૦,૦૦૦ (પ્રથમ ૨ કલાક માટે)
- વિદ્યુત પુરવઠાના અભાવે કે સંજોગોવસાત વાતાનુકૂલિત મશીનો કે લાઇટ ચાલુ ન થઇ શકે તેવા સંજોગોમાં વપરાશ ચાર્જની રકમમાંથી કોઇ રીફન્ડ આપવામાં આવશે નહિં.
- પાર્કિંગમાં લંચ/ડીનર માટેની જે સુવિધાઓ લેવામાં આવશે તેના માટે રૂા.૧૫૦૦ અલગથી લેવામાં આવશે. તેમજ પાર્કિંગમાં લંચ/ડીનર માટે ત્રણ કલાકનો સમય આપવામાં આવશે ત્યારબાદની પ્રતિ એક કલાકના રૂા. ૫૦૦ વધારાનો ચાર્જ ચુકવવાનો રહેશે.
- પાર્કિંગમાં નાસ્તો/અલ્પાહાર માટેની જે સુવિધાઓ લેવામાં આવશે તેનો ચાર્જ રૂા.૫૦૦ અલગથી લેવામાં આવશે. તેમજ પાર્કિંગમાં નાસ્તો/અલ્પાહાર માટે ત્રણ કલાકનો સમય આપવામાં આવશે ત્યારબાદ પ્રતિ એક કલાકના રૂા. ૫૦૦ વધારાનો ચાર્જ ચુકવવાનો રહેશે.
- વપરાશ ચાર્જની કુલ રકમ ઉપર GST નો જે દર અમલમાં હશે તે લાગુ થશે.
- બુકીંગ કરાવેલ સમયના એક કલાક પહેલા કોન્ફરન્સ/કમિટી રૂમ ખોલી આપવામાં આવશે. તે પહેલા જો કોન્ફરન્સ/કમિટીની અથવા પાર્કિંગ વપરાશની જરૂરિયાત હોય તો કલાક દીઠ વધારાના રૂા. ૫૦૦/- ભાડે રાખનારે ચૂકવવાના રહેશે. તેમજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અડધી કલાકની અંદર હોલ સંપૂર્ણ ખાલી કરી આપવાનો રહેશે. અન્યથા અલગથી ચાર્જ ચુકવવાનો રહેશે.
- પાર્કિંગમાં લંચ/ડીનર અથવા અલ્પાહાર માટે ભાડે રાખનારના કોઇ VIP મહેમાન માટે અલાયદી વ્યવસ્થા આયોજકે કરવી હિતાવહ છે. ચેમ્બરની અન્ય કોઇ જગ્યા જેવી કે કોન્ફરન્સ અથવા કમિટી રૂમમાં લંચ/ડીનર કે અલ્પાહાર માટે પ્રવેશ આપવામાં આવશે નહીં.
- **કોન્ફરન્સ રૂમમાં ખાદ્ય પદાર્થો તથા ઠંડા પીણા અથવા કેફી દ્રવ્યો લઇ જવાની સખ્ત મનાઇ છે. ફક્ત સીલપેક પાણીની બોટલ લઇ જવા દેવામાં આવશે.**

**<u>વધુ વિગતો તથા બુકીંગ માટે સંપર્ક સાધો</u>**

ચીફ એક્ઝીક્યુટીવ, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી 'ધીરૂભાઇ અંબાણી વાણિજ્ય ભવન',
જામનગર-રાજકોટ હાઇવે, સુભાષ બ્રિજ નજીક, જામનગર - ૩૬૧ ૦૦૧.
ફોન નં. : (૦૨૮૮) ૨૫૭૦૨૨૧ મોબાઇલ નં. : ૯૪૨૮૭ ૨૭૬૨૩, ૭૦૧૬૩ ૬૮૭૮૧

SBI
The banker to every indian

भारतीय स्टेट बैंक
STATE BANK OF INDIA

yono SBI

# SBI CURRENT A/C BEST HAI (SILVER-GOLD-DIAMOND-PLATINUM-RHODIUM)

Dear Customer, Manage your business finances anytime, anywhere with YONO Business App your device!

## YONO Business App



Here are some of the features you can explore

- Seamless payments through RTGS/NEFT/ Intra-bank
- Quick Fund Transfer without adding beneficiaries
- Tax, EPS & Statutory Payments
- Open and pre-close e-Fixed Deposits
- Access to Pre-Approved Business Loans
- Subscribe to Initial Public Offerings (IPO)
- Value-added services of various financial products

Download from PlayStore | Download from App Store

**NEFT/RTGS/DD/BG/Internet Banking/CMP Offering**

**- Collection Through QR Code**

**- 100% Rental Waiver on POS***

**Contact : Rafik Pupar : 90997 56298 (Relationship Manager Current Acc.)**

**CM Deposit : Satyam Kumar Bharti : 76000 43709**

# ATTRACTIVE BUSINESS LOAN AVAILABLE



**Contact : C. R. Detroja - 76000 36032**

Reliance
New Energy Ltd

# WE CARE

About creating a cleaner planet
for a secure future



Printed by : Palak Printers, Jamnagar Cell : 9879610895